સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

ICE CURRENT NEWS WEEK 41નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[OCT-2019]
[06/10 to 12/10]

# WEEK-41

CURRENT TOPIC

- MSME ઉદ્યોગોને ત્રણ વર્ષ સુધી જરૂરી મંજૂરી વગર ઉત્પાદન કરવાની છૂટ આપનારું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું
- ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા ભારતને પ્રથમ રાફેલ સુપરત
- Global Competitiveness Report 2019માં ભારત 68મા ક્રમે
- નોબેલ પુરસ્કાર 2019
- ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગની ભારત મુલાકાત


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**6 OCTOBER, 2019 SUNDAY**

## ➤ જહોન્સન-હિટાચી દ્વારા ગુજરાતના કડી ખાતે વિશ્વના ચોથા અને ભારતના પ્રથમ ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટરનો પ્રારંભ



4 ઓક્ટોબર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** ગુજરાતમાં **મહેસાણા** જિલ્લાના કડી ખાતે '**ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર**'નો શુભારંભ કરાવ્યો છે.

- **જહોન્સન-હિટાચી** અથવા તો **જહોન્સન કન્ટ્રોલ્સ** અને **હિટાચી એર કન્ડીશનીંગ** દ્વારા ગુજરાતમાં આ '**ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર**'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- જહોન્સન-હિટાચી દ્વારા સ્થપાયેલું આ **વિશ્વનું ચોથું** અને **ભારતનું પ્રથમ** 'ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર' છે.
- હિટાચી દ્વારા **જાપાન**માં **બે** અને **ચીન**માં આવું **એક** સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.
- રૂ. 157 કરોડના રોકાણથી શરૂ થયેલું આ 'ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર' 150થી વધુ એન્જિનીયર્સ અને 300 વિદ્યાર્થીની ક્ષમતા ધરાવે છે.
- આ સેન્ટરનો પ્રારંભ થવાથી ગુજરાત તથા ભારતના એન્જિનીયરોને વિદેશી ટેકનોલોજીના જ્ઞાનનો લાભ થશે.
- તેમજ એન્જિનીયરીંગ અને ઈનોવેશન હબ સાથે રિસર્ચ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને સ્કીલ એન્હેસમેન્ટમાં ગુજરાત વિશ્વના નકશા પર મૂકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ MSME ઉદ્યોગોને ત્રણ વર્ષ સુધી જરૂરી મંજૂરી વગર ઉત્પાદન કરવાની છૂટ આપનારું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

તાજેતરમાં ગુજરાતના **ગાંધીનગર** ખાતે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીની** અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતના **MSME** ઉદ્યોગો માટે એક મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

MICRO, SMALL & MEDIUM ENTERPRISES
सूक्ष्म, लघु एवं मध्यम उद्यम

- સરકારના આ નિર્ણય અનુસાર ગુજરાતમાં MSME એકમોની સ્થાપના - સંચાલન માટે લેવી પડતી વિવિધ મંજૂરીઓ - એપ્રુવલ્સમાંથી **ત્રણ વર્ષ** સુધી મુક્તિ આપવામાં આવી છે.
- ગુજરાતમાં MSME સેક્ટરના વિકાસ માટે સરકારે આ નિર્ણય કર્યો છે.

### MSME એકમોની સ્થાપના માટે બે નોડલ એજન્સીની રચના

ગુજરાતમાં નવા MSME એકમોની સ્થાપનામાં સહયોગ થાય તે માટે **જિલ્લા** અને **રાજ્ય કક્ષાએ બે નોડલ એજન્સીની** સ્થાપના કરવામાં આવશે :

(1) **જિલ્લા કક્ષાએ : ડિસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીઝ સેન્ટર**

(2) **રાજ્ય કક્ષાએ : ઈન્વેસ્ટર ફેસિલિટેશન એજન્સી**

- ગુજરાતમાં નવા MSME એકમની સ્થાપના માટે સૌપ્રથમ **રાજ્ય કક્ષા**ની નોડલ એજન્સી સમક્ષ '**ડેક્લેરેશન ઓફ ઈન્ટેન્ટ**' રજૂ કરવાનું રહેશે.

- આ અરજીની ચકાસણી બાદ રાજ્ય કક્ષાની નોડલ એજન્સી દ્વારા '**એક્નોલેજમેન્ટ સર્ટિફિકેટ**' આપવામાં આવશે.
- આ **સર્ટિફિકેટ ઈશ્યુ થયાની તારીખથી 3 વર્ષ સુધી** અન્ય કોઈ મંજૂરી કે એપ્રુવલ્સ લીધા સિવાય MSME ઉદ્યોગકાર ઉદ્યોગ-વ્યવસાય શરૂ કરી શકશે.
- આ ત્રણ વર્ષની અવધિ પૂરી થયા બાદ **6 મહિનામાં** MSME એકમે જરૂરી પરવાનગીઓ મેળવી લેવાની રહેશે.
- સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં MSME ક્ષેત્રે નવો ઉદ્યોગ શરૂ કરનાર વ્યક્તિને ઉદ્યોગ શરૂ કરતી વખતે લેવી પડતી પર્યાવરણ તથા પ્રોડક્ટ સ્પેસિફિક ક્લીયરન્સ સહિતની વિવિધ મંજૂરીઓ લેવામાંથી મુક્તિ મળશે.

## આ નિર્ણય માટે ઓર્ડિનન્સ (વટહૂકમ)

સરકારના આ નિર્ણયના અમલ માટે ગુજરાત સરકાર દ્વારા '**ધ ગુજરાત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ ફેસિલિટેશન ઓર્ડિનન્સ - 2019**' નામથી એક વટહૂકમ પણ લાવવામાં આવશે.

## MSME

**MSME**નું પૂરું નામ **Micro, Small and Medium Enterprises** છે.

- તેને ગુજરાતીમાં '**સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો**' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગુજરાતમાં હાલ **34 લાખથી વધુ** MSME એકમો કાર્યરત છે.
- MSMEની સંખ્યાની દષ્ટીએ ગુજરાતનો ક્રમાંક ભારતના **ટોપ-10 રાજ્યો**માં આવે છે.
- ગુજરાતમાં હાલ **100** જેટલા **MSME ક્લસ્ટરો** છે.
- ગુજરાતમાં MSME સેક્ટર છેલ્લા 4 વર્ષોથી મહત્તમ રોજગારી આપતું ક્ષેત્ર બન્યું છે.

**નોંધ :** (1) ભારતમાં કેમિકલ, પેટ્રોકેમિકલ્સ, ડેરી, દવા, સિમેન્ટ, સિરામિક, જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્સટાઈલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ગુજરાત ટોચનું રાજ્ય છે.

(2) સરકારના ઉપરોક્ત નિર્ણયથી MSME ઉદ્યોગોને **ત્રણ વર્ષ** સુધી જરૂરી મંજૂરી વગર ઉત્પાદન કરવાની છૂટ આપનારું **ગુજરાત** ભારતનું **પ્રથમ રાજ્ય** બન્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. જ્હોન્સન-હિટાચી દ્વારા તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં વિશ્વના ચોથા અને ભારતના પ્રથમ 'ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) હરિયાણા (B) મહારાષ્ટ્ર (C) ગુજરાત (D) કેરળ — **(C)**

2. જ્હોન્સન-હિટાચી દ્વારા તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં વિશ્વના ચોથા અને ભારતના પ્રથમ 'ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) મહેસાણા — **(D)**

3. જ્હોન્સન-હિટાચી દ્વારા તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે 'ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) કડી (B) કલોલ (C) બહુચરાજી (D) વિસનગર — **(A)**

4. જહોન્સન-હિટાચી દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવેલા વિશ્વના ચોથા અને ભારતના પ્રથમ 'ગ્લોબલ ડેવલપમેન્ટ સેન્ટર'નો શુભારંભ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિત શાહ
(C) શ્રી રામનાથ કોવિંદ (D) શ્રી વિજયભાઈ રૂપાણી **(D)**

5. ગુજરાત સરકારની કેબિનેટ દ્વારા તાજેતરમાં લેવાયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં MSME એકમોની સ્થાપના - સંચાલન માટે લેવી પડતી વિવિધ મંજૂરીઓમાંથી કેટલા વર્ષની મુક્તિ આપવામાં આવી છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ **(C)**

6. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં નવા સ્થપાનાર MSME એકમોની સહાયતા માટે ગુજરાતમાં કયા કક્ષાની નોડલ એજન્સીની સ્થાપના કરવામાં આવશે ?
1. રાષ્ટ્રીય કક્ષાની 2. રાજ્ય કક્ષાની
3. જિલ્લા કક્ષાની 4. તાલુકા કક્ષાની
(A) ફક્ત – 1 (B) ફક્ત – 2 (C) 2, 3, 4 (D) 2, 3 **(D)**

7. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં નવા સ્થપાનાર MSME એકમોની સહાયતા માટે ગુજરાતમાં રાજ્ય કક્ષાએ કઈ નોડલ એજન્સીની સ્થાપના કરવામાં આવશે ?
(A) સ્ટેટ ઈન્ડસ્ટ્રીઝ સેન્ટર (B) સ્ટેટ MSME સેન્ટર
(C) ઈન્વેસ્ટર ફેસિલિટેશન એજન્સી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

8. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં MSME એકમોની સ્થાપનામાં સહાયતા માટે ગુજરાત સરકાર દ્વારા કયો વટહૂકમ લાવવામાં આવશે ?
(A) ધ ગુજરાત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ ફેસિલિટેશન ઓર્ડિનન્સ, 2019
(B) ધ ગુજરાત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ સર્ટિફિકેશન ઓર્ડિનન્સ, 2019
(C) ધ ગુજરાત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ રજિસ્ટ્રેશન ઓર્ડિનન્સ, 2019
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

9. MSME ઉદ્યોગોને જરૂરી મંજૂરી વગર ત્રણ વર્ષ સુધી ઉત્પાદનની છૂટ આપવાનો નિર્ણય કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) ગુજરાત (D) મહારાષ્ટ્ર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 7 OCTOBER, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 7 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ

### ➤ દિવ્યાંગ વ્યક્તિઓને દિપાવલીની ભેટ રૂપે ગુજરાત સરકારની કેટલીક મહત્ત્વની જાહેરાતો

5 ઓક્ટોબર, 2019ના રોજ ગુજરાતમાં **મુખ્યમંત્રી નિવાસ સ્થાને** યોજાયેલા **મુખ્યમંત્રી સાથે 'મોકળા મને'** કાર્યક્રમના **ત્રીજા ચરણ**માં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **દિવ્યાંગો** સાથે સંવાદ કર્યો હતો.

- આ પ્રસંગે તેમણે ગુજરાતમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેટલીક અગત્યની જાહેરાતો કરી હતી. જે આ પ્રમાણે છે :



5 ઓક્ટોબર, 2019ના રોજ ગુજરાતમાં **મુખ્યમંત્રી નિવાસ સ્થાને** યોજાયેલા **મુખ્યમંત્રી સાથે 'મોકળા મને'** કાર્યક્રમના **ત્રીજા ચરણ**માં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ દિવ્યાંગો** સાથે સંવાદ કર્યો હતો.

- આ પ્રસંગે તેમણે ગુજરાતમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેટલીક અગત્યની જાહેરાતો કરી હતી. જે આ પ્રમાણે છે :

(1) દિવ્યાંગ વ્યક્તિઓ માટે ગુજરાતમાં અલાયદું **દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ** શરૂ કરવામાં આવશે.

(2) ગુજરાતમાં **દિવ્યાંગ વેલ્ફેર કમિશનર**ની નિમણૂક કરવામાં આવશે.

(3) ગુજરાતમાં હાલ **જિલ્લા મુખ્ય મથકે** અથવા **અમદાવાદ સિવિલ હોસ્પિટલ**માં જ મળતું **'દિવ્યાંગ પ્રમાણપત્ર'** હવે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આવેલી **રાજ્ય સરકારની 22 જેટલી મેડિકલ કોલેજો**માંથી પણ મળી શકશે.

(4) ગુજરાતમાં હાલ વ્યક્તિ દીઠ **રૂ. 10 હજાર 'દિવ્યાંગ સાધન સહાય'** આપવામાં આવે છે જે દિવાળી બાદ વધારીને **બમણી** એટલે કે **રૂ. 20 હજાર** કરવામાં આવશે.

(5) ગુજરાત સરકાર દ્વારા હાલ આપવામાં આવતી દિવ્યાંગ બાળકો અને બાળ સંભાળ ગૃહના નિરાધાર તેમજ અન્ય બાળકો માટેની **વ્યક્તિ દીઠ ગ્રાન્ટ** પ્રતિ માસ **રૂ. 1500**થી વધારીને હવે **રૂ. 2160** કરવામાં આવશે.

ICE CURRENT NEWS
YouTube ICE RAJKOT
ICE CURRENT NEWS વીડિયો જોવા માટે અહીં CLICK કરો

click here
JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

## ➤ બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાની ભારત મુલાકાત દરમિયાન ભારત-બાંગ્લાદેશ વચ્ચે 7 કરાર

તાજેતરમાં ઓક્ટોબર, 2019 દરમિયાન બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાએ ભારતની મુલાકાત લીધી હતી.

- તેમની આ મુલાકાત દરમિયાન ભારત-બાંગ્લાદેશ વચ્ચે 7 કરારો પર હસ્તાક્ષર થયા છે.
- આ સાત કરારોમાં ત્રિપુરામાં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે ફેની નદીમાંથી પાણી લેવા માટેના થયેલા કરાર ઉપરાંત યુવા બાબતો, સંસ્કૃતિ, શિક્ષણ અને તટીય સુરક્ષાના ક્ષેત્રમાં થયેલા કરારોનો સમાવેશ થાય છે.

### ત્રણ સંયુક્ત પ્રોજેક્ટનું લોન્ચિંગ

બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાની આ મુલાકાત દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રીમતી શેખ હસીના દ્વારા ભારત-બાંગ્લાદેશ વચ્ચેના ત્રણ સંયુક્ત પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા હતા.

- આ ત્રણ પ્રોજેક્ટના નામ આ પ્રમાણે છે :

(1) બાંગ્લાદેશથી ભારતમાં LPG (રાંધણગેસ) આયાત કરવાનો પ્રોજેક્ટ.

(2) બાંગ્લાદેશમાં વોકેશન ટ્રેનિંગ માટે Bangladesh - India Professional Skill Development Instituteની સ્થાપના માટેનો પ્રોજેક્ટ.

(3) બાંગ્લાદેશમાં ઢાકાના સ્વામી રામકૃષ્ણ મિશનમાં શ્રી સ્વામી વિવેકાનંદ ભવનના નિર્માણ અંગેનો પ્રોજેક્ટ.

- છેલ્લા એક વર્ષમાં આ અગાઉ ભારત અને બાંગ્લાદેશ દ્વારા વીડિયો લિંકથી 9 જેટલા સંયુક્ત પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા હતા.
- તેમાં આ 3 પ્રોજેક્ટનો ઉમેરો થતાં ભારત-બાંગ્લાદેશ દ્વારા એક વર્ષમાં કુલ 12 સંયુક્ત પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ કપાસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 ઓક્ટોબર (B) 6 ઓક્ટોબર (C) 7 ઓક્ટોબર (D) 8 ઓક્ટોબર **(C)**

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપણીએ તાજેતરમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કયું અલાયદું નિગમ શરૂ કરવાની જાહેરાત કરી છે ?
(A) દિવ્યાંગ વિકાસ નિગમ (B) દિવ્યાંગ સહાય વિકાસ નિગમ
(C) દિવ્યાંગ કલ્યાણ વિકાસ નિગમ (D) દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ **(D)**

3. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર દિવ્યાંગોને હાલ વ્યક્તિ દીઠ મળતી રૂ. 10,000 દિવ્યાંગ સાધન સહાય દિવાળી બાદ વધારીને કેટલી કરવામાં આવશે ?
(A) 15000 (B) 20000 (C) 25000 (D) 30000 **(B)**

4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં હાલ આપવામાં આવતી દિવ્યાંગ બાળકોની સંભાળ માટેની ગ્રાન્ટ રૂ. 1500થી વધારીને હવે કેટલી કરવામાં આવશે ?
(A) 1800 (B) 2000 (C) 2160 (D) 2360 **(C)**

5. બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાની તાજેતરની ભારત મુલાકાત દરમિયાન ભારત–બાંગ્લાદેશ વચ્ચે કુલ કેટલા કરાર પર હસ્તાક્ષર થયા છે ?
(A) 5 (B) 7 (C) 9 (D) 11 **(B)**

6. તાજેતરમાં ભારતમાં કયા દેશમાંથી LPG (રાંધણગેસ)ની આયાત કરવા માટેનો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) નેપાળ (B) કુવૈત (C) ઈરાન (D) બાંગ્લાદેશ **(D)**

7. તાજેતરમાં કયા શહેરમાં આવેલા સ્વામી રામકૃષ્ણ મિશનમાં સ્વામી વિવેકાનંદ ભવનના નિર્માણ અંગેનો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) હ્યુસ્ટન, અમેરિકા (B) ન્યુયોર્ક, અમેરિકા
(C) ઢાકા, બાંગ્લાદેશ (D) કાઠમંડુ, નેપાળ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 8 OCTOBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 8 ઓક્ટોબર, ભારતીય વાયુસેના દિન

ભારતીય વાયુસેના (Air Force)ની સ્થાપના 8 ઓક્ટોબર, 1932ના રોજ થઈ હતી.



- આથી, ભારતમાં દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ 'ભારતીય વાયુસેના દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત 8 ઓક્ટોબર, 2019ના રોજ વાયુસેનાના 87મા સ્થાપના દિન નિમિત્તે ભારતમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં આવેલા હિંડન એરબેઝ પર લડાયક વિમાનોની પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં અપાચે તથા ચિનુક જેવા હેલિકોપ્ટર તથા તેજસ, મિગ-21 સહિતના લડાકુ વિમાનોએ આ પરેડમાં ભાગ લઈને દેશની હવાઈ તાકાતનું પ્રદર્શન કર્યું હતું.
- આ કાર્યક્રમમાં ભારતીય એરફોર્સના જાંબાજ ઓફિસર **શ્રી અભિનંદન વર્ધમાને** પણ **મિગ-21** વિમાનમાં ઉડાન ભરી હતી.
- ભારતીય વાયુસેનાના નવા વડા **શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયા**ની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બાલાકોટ પર એર સ્ટ્રાઈક કરનારી **9મી સ્ક્વોડ્રન** અને પાકિસ્તાનના ફાઈટર જેટ F-16ને તોડી પાડનારી **51મી સ્ક્વોડ્રન** તથા **601 સિગ્નલ યુનિટ**ને સન્માનિત પણ કરવામાં આવી હતી.

**નોંધ :** (1) ભારતીય વાયુસેનાની **9મી સ્ક્વોડ્રન ગ્વાલિયર**માં પાકિસ્તાનના બાલાકોટ પર એરસ્ટ્રાઈક કરનાર **મિરાજ 2000** જેવા ફાઈટર વિમાનોનો સમાવેશ થાય છે.

(2) જ્યારે ભારતીય વાયુસેનાની **51મી સ્ક્વોડ્રન શ્રીનગર**માં **કેપ્ટન અભિનંદન વર્ધમાન** તથા **મિગ-21** જેવા વિમાનોનો સમાવેશ થાય છે.

(3) ઈન્ડિયન એર ફોર્સના જાંબાજ વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાને મિગ-21 વિમાન દ્વારા જ પાકિસ્તાનનું F-16 વિમાન તોડી પાડ્યું હતું.

(4) ભારતીય વાયુસેનાનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.

(5) **હિંડન એરબેઝ એશિયાનું** સૌથી મોટું અને **વિશ્વનું 8મા નંબરનું** સૌથી મોટું એરબેઝ છે.

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, તલાટી, જુનિયર ક્લાર્ક, PSI/ASI/CONSTABLE,
આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM., સર્વેયર, ડેપોમેનેજર
વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

કરંટ અફેર્સની ઓછા સમયમાં શ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી
વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી
અનુચ્છેદ 370, ચંદ્રયાન-2, ભારત સરકારનું નવું મંત્રી મંડળ, ગુજરાત તથા ભારત સરકારના વર્ષ 2019-20ના નવા બજેટ વિશે વિશેષ માહિતી
ગુજરાત, ભારત તથા વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

બિનસચિવાલય ક્લાર્ક સહિતની ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી
કરન્ટ અફેર્સ
JAN TO AUG 2019

AVAILABLE NOW
કરન્ટ અફેર્સના 1500+ પ્રશ્ન જવાબો
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
Available at amazon




વધુ માહિતી માટે CALL 93753-01110
આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➤ ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા ભારતને પ્રથમ રાફેલ સુપરત



8 ઓક્ટોબર, 2019ને **વિજયાદશમી**ના રોજ તેમજ **ભારતીય વાયુસેના**ના **87મા સ્થાપના દિન** નિમિત્તે **ફ્રાન્સ**ની **દસોલ્ટ એવિએશન** નામની કંપની દ્વારા ભારતને **રાફેલ** નામનું **પ્રથમ ફાઈટર પ્લેન** સુપરત કરવામાં આવ્યું છે.

- આ અંતર્ગત **ફ્રાન્સ**ના **Merignac (મેરિનેક)** નામના Commune અથવા તો પ્રાંતમાં આવેલા દસોલ્ટ એવિએશનના પ્લાન્ટમાંથી ફ્રાન્સની **દસોલ્ટ એવિએશન** દ્વારા ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહ**ને આ **પ્રથમ રાફેલ વિમાન** સુપરત કરવામાં આવ્યું હતું.
- જોકે, ઔપચારિક રીતે ભારતમાં આ વિમાન સહિત **પ્રથમ ચાર** રાફેલ વિમાન **મે 2020** સુધીમાં આવશે.
- શ્રી રાજનાથ સિંહે ફ્રાન્સમાં આ પ્રથમ રાફેલ વિમાન પર **ૐ** લખીને તેની પૂજા પણ કરી હતી.
- અને ત્યારબાદ શ્રી રાજનાથ સિંહે 30 મિનિટ સુધી આ વિમાનની ઉડાન ભરી હતી. એ વખતે તેઓ વિમાનની પાછળની સીટ પર બેઠા હતા અને વિમાન ફ્રાન્સના પાઈલટ **શ્રી ફિલિપ ડશેટે** ઉડાવ્યું હતું.

### રાફેલ વિમાનની વિશેષતા

તાજેતરમાં ભારતને સુપરત કરવામાં આવેલા રાફેલ વિમાનને ભારતીય વાયુસેનાના વડા **શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયા**ના નામ પરથી **RB 001** નામ આપવામાં આવ્યું છે.

- શ્રી રાજનાથ સિંહના જણાવ્યા અનુસાર '**રાફેલ**'નો અર્થ '**આંધી**' થાય છે.
- રાફેલ એ **ફ્રાન્સ**નું અતિ આધુનિક **બે એન્જિન** ધરાવતું **મલ્ટિરોલ ફાઈટર વિમાન** છે.
- આ વિમાન **હવામાંથી હવામાં** તેમજ **હવામાંથી જમીન પર** પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી **મિટિઅર અને સ્કાલ્પ (Meteor and Scalp)** જેવી વિશિષ્ટ **મિસાઈલ**થી સજ્જ છે.
- જેમાં **સ્કાલ્પ** મિસાઈલની રેન્જ લગભગ 300 કિમી સુધીની છે.
- આ વિમાન એન્ટિ શિપ એટેકથી લઈને પરમાણુ હુમલા તેમજ ક્લોઝ એરસપોર્ટ અને લેસર ડાઈરેક્ટ લોંગ રેન્જ મિસાઈલ હુમલા કરી શકે છે.
- આ વિમાન એક જ મિનિટમાં 60,000 ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે તેવું કહેવાય છે.
- રાફેલ વિમાન આશરે **24500 કિલો** સુધીનું વજન લઈ જવામાં સક્ષમ છે.
- તેની સ્પીડ **2200 કિમી પ્રતિ કલાકથી વધુ** છે.
- આ વિમાન **4.5 જનરેશન**નું ફાઈટર પ્લેન હોવાનું કહેવાય છે.
- આ વિમાનમાં ભારતની જરૂરિયાત મુજબ ઈઝરાયેલી હેલમેટ માઉન્ટેડ ડિસ્પ્લે, રડાર વોર્નિંગ રિસિવર્સ, લો બેન્ડ જામર્સ, 10 કલાકની ફ્લાઈટ ડેટા રેકોર્ડિંગ સિસ્ટમ, ઈન્ફ્રારેડ સર્ચ, ટ્રેકિંગ સિસ્ટમ વગેરે જેવી અનેક ટેક્નોલોજી ઉમેરવામાં આવી છે.
- ફ્રાન્સની **દસોલ્ટ એવિએશન (Dassault Aviation)** નામની કંપની દ્વારા આ વિમાનની ડિઝાઈન તથા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ફ્રાન્સ રાફેલ ડીલ

થોડા સમય અગાઉ એપ્રિલ, 2015 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે જાહેરાત કરી હતી.

- ત્યારબાદ જાન્યુઆરી, 2016 દરમિયાન આ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે MOU થયા હતા.
- આ MOU બાદ ભારત-ફ્રાન્સ વચ્ચે 23 સપ્ટેમ્બર, 2016ના રોજ ફાઈનલ ડીલ થઈ હતી. આ ડીલ અંતર્ગત ભારતના તત્કાલીન સંરક્ષણ મંત્રી શ્રી મનોહર પારિકર અને તેમના ફ્રેન્ચ સમકક્ષ શ્રી જીન યવેસ લે ડ્રીઆને 'ઈન્ટર ગવર્નમેન્ટલ એગ્રીમેન્ટ' (IGA) પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ એગ્રીમેન્ટ મુજબ ભારત ફ્રાન્સ પાસેથી 7.87 બિલિયન યુરો (એટલે કે એ સમયે ભારતીય રૂપિયાની કિંમત પ્રમાણે આશરે 58 કે 59 હજાર કરોડ રૂપિયા)માં 28 સિંગલ સીટર અને 8 ડબલ સીટર મળીને કુલ 36 વિમાન ખરીદશે.
- આ 36 વિમાનોમાંથી મે 2020 સુધીમાં ભારતને પ્રથમ ચાર રાફેલ વિમાન મળશે. અને ત્યારબાદ સપ્ટેમ્બર 2022 સુધીમાં ભારતને તમામ 36 રાફેલ વિમાન મળી જશે.

## રાફેલ ડીલ વિવાદ શું છે ?

ભારતમાં રાફેલ વિવાદનું મૂળ MRCA (MultiRole Combat Aircraft) Competition અથવા તો MRCA Tenderમાં છે.

- ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા ફ્રાન્સ સાથે કરવામાં આવેલી ઉપરોક્ત ડીલ અગાઉ MRCA Tender અંતર્ગત વર્ષ 2012માં ભારત સરકાર દ્વારા ફ્રાન્સ પાસેથી કુલ 126 રાફેલ વિમાન ખરીદવાની અને તેમાંથી 108 વિમાનનું નિર્માણ ભારતમાં જ 'હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ' (HAL) નામની ભારત સરકારની એરોસ્પેસ અને ડિફેન્સ કંપની દ્વારા કરવામાં આવશે. અને આ માટેની ટેક્નોલોજી ફ્રાન્સ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી યોજના બનાવવામાં આવી હતી.
- જોકે આ માટે ફ્રાન્સની દસોલ્ટ એવિએશન નામની કંપની HAL દ્વારા તૈયાર થયેલા વિમાનની ક્વોલિટીની ખાતરી તથા લાંબી વોરંટી આપવા માટે તૈયાર ન હતી.
- આથી, આ ડીલ થઈ શકી ન હતી. પરંતુ જો આ ડીલ થઈ હોત તો આ ડીલનો લાભ ભારત સરકારની કંપની HALને મળે એમ હતો.
- પરંતુ MRCA tender અંતર્ગત ડીલ ન થઈ શકતા વર્તમાન સરકારે ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે નવી ડીલ કરી હતી. જેમાં ભારત સરકારની HALની જગ્યાએ ખાનગી કંપની રિલાયન્સ ગ્રુપને આ ડીલનો લાભ મળે તેમ છે. આથી, આ અંગે થોડા સમય અગાઉ રાજકીય વિવાદ સર્જાયો હતો.
- તાજેતરમાં થયેલી ઉપરોક્ત નવી ડીલ અંતર્ગત 50 ટકા 'ઓફસેટ ક્લોઝ'નો ભારત સરકાર દ્વારા સમાવેશ કરવામાં આવ્યો હતો. જે મુજબ ફ્રાન્સની કંપનીએ આ ડીલની 50 ટકા રકમ ભારતમાં પાછી રોકવી પડશે. અને 50 ટકા રકમમાંથી કંપનીએ 74 ટકા રકમની ભારતમાંથી માલ–સામાન કે સેવાઓની ખરીદી કરવી પડશે.
- આથી, ઉપરોક્ત જરૂરિયાતને પૂરી કરવા માટે ફ્રાન્સની કંપની દસોલ્ટ એવિએશને રિલાયન્સ ગ્રુપ સાથે કરાર કર્યા હતા. અને ઓક્ટોબર 2016માં રિલાયન્સ ગ્રુપ અને દસોલ્ટ એવિએશન દ્વારા 51 : 49ની પાર્ટનરશિપમાં 'દસોલ્ટ રિલાયન્સ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ' નામના સંયુક્ત સાહસની રચનાની જાહેરાત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- અને આ નવી રચાયેલી કંપની દ્વારા દસોલ્ટ એવિએશનના ફાલ્કન 2000 સિરીઝના જેટ વિમાનોના સ્પેર પાર્ટ્સનું ભારતમાં નિર્માણ કરવાની અને ભારતમાંથી ફ્રાન્સમાં નિકાસ કરવાની યોજના બનાવવામાં આવી હતી.
- જોકે, આ વિવાદ અંગે ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ ડીલમાં કંઈ ખોટું થયું હોય તેવું જણાતું નથી.

**નોંધ :** (1) ભારત અગાઉ ઈજિપ્ત અને કતાર ફ્રાન્સ પાસેથી 24 - 24 રફાલ વિમાનો ખરીદી ચૂક્યા છે.

(2) સૌપ્રથમ વખત 18 મે 2001ના રોજ ફ્રેન્ચ નેવલ એવિએશનને બે રાફેલ વિમાન સોંપવામાં આવ્યા હતા. ફ્રાન્સ પાસે આવા હાલ આશરે 180 જેટલા રાફેલ વિમાનો છે.

## ICE ? Questions

1. 'ભારતીય વાયુસેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 8 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર — (C)

2. તાજેતરમાં 8 ઓક્ટોબર, 2019ના રોજ ભારતમાં વાયુસેનાના કેટલામા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 83મા (B) 85મા (C) 87મા (D) 89મા — (C)

3. 8 ઓક્ટોબર, 2019ના રોજ 'ભારતીય વાયુસેના દિન' નિમિત્તે ભારતમાં વાયુસેનાની રાષ્ટ્રીય કક્ષાની મુખ્ય પરેડનું આયોજન કયા એરબેઝ પર થયું હતું ?
(A) અંબાલા એરબેઝ (B) લેહ એરબેઝ (C) પાલમ એરબેઝ (D) હિંડન એરબેઝ — (D)

4. એશિયાના સૌથી મોટા એરબેઝનું નામ શું છે ?
(A) અમૃતસર (B) હિંડન (C) લેહ (D) પાલમ — (B)

5. હિંડન એરબેઝ ભારતમાં કયાં આવેલું છે ?
(A) ગોરખપુર, ઉત્તરપ્રદેશ (B) કાનપુર, ઉત્તરપ્રદેશ
(C) ફરિદાબાદ, ઉત્તરપ્રદેશ (D) ગાઝિયાબાદ, ઉત્તરપ્રદેશ — (D)

6. ભારતીય વાયુસેનાની સ્થાપના કયારે થઈ હતી ?
(A) 8 ઓક્ટોબર, 1928 (B) 8 ઓક્ટોબર, 1930
(C) 8 ઓક્ટોબર, 1932 (D) 8 ઓક્ટોબર, 1936 — (C)

7. ફ્રાન્સની કઈ કંપની દ્વારા તાજેતરમાં ભારતને પ્રથમ રાફેલ વિમાન સુપરત કરવામાં આવ્યું છે ?
(A) દસોલ્ટ એવિએશન (B) બોર્ડેક્સ એરોનોટિક્સ
(C) હમ્બર્ટ એવિએશન (D) LH એવિએશન — (A)

8. ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપનીના કઈ જગ્યાએ આવેલા પ્લાન્ટમાં તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહને પ્રથમ રાફેલ વિમાન સુપરત કરવામાં આવ્યું છે ?
(A) Levroux (B) Auxerre (C) Corbigny (D) Merignac — (D)

9. તાજેતરમાં ભારતને સુપરત કરવામાં આવેલા પ્રથમ રાફેલ વિમાનને શું નામ આપવામાં આવ્યું છે ?
(A) KB 001 (B) AB 001 (C) RB 001 (D) SB 001 — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. ભારતના પ્રથમ રાફેલ વિમાનને કોના નામ પરથી RB 001 નામ આપવામાં આવ્યું છે ?
(A) શ્રી અબ્દુલ કલામ (B) શ્રી અટલબિહારી વાજપેઈ
(C) શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયા (D) શ્રી રાજેન્દ્રસિંહ ભદોરિયા **(C)**

11. રાફેલ વિમાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. રાફેલનો અર્થ 'આંધી' થાય છે.
2. રાફેલ બે એન્જિન ધરાવતું વિમાન છે.
3. તે મલ્ટિરોલ ફાઈટર વિમાન છે.
4. તે હવામાંથી હવામાં અને હવામાંથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી મિટિઅર અને સ્કાલ્પ મિસાઈલથી સજ્જ છે.
5. તે આશરે 24500 કિલો સુધીનું વજન લઈ જવા માટે સક્ષમ છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 1, 3, 4, 5 (D) 1, 3, 5 **(A)**

12. ભારતે ફ્રાન્સ પાસેથી કુલ કેટલા રાફેલ વિમાનો ખરીદવા માટે ડીલ કરી છે ?
(A) 32 (B) 34 (C) 36 (D) 38 **(C)**

13. ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે ફાઈનલ ડીલ ક્યારે થઈ હતી ?
(A) 23 સપ્ટેમ્બર, 2014 (B) 23 સપ્ટેમ્બર, 2015
(C) 23 સપ્ટેમ્બર, 2016 (D) 23 સપ્ટેમ્બર, 2017 **(C)**

14. ભારતે ફ્રાન્સ પાસેથી કેટલા બિલિયન યુરોમાં 36 રાફેલ વિમાન ખરીદવા માટે કરાર કર્યા છે ?
(A) 5.8 (B) 6.8 (C) 7.8 (D) 8.8 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 9 OCTOBER, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 9 ઓક્ટોબર, (1) વિશ્વ ટપાલ દિવસ (World Post Day)
## (2) પ્રાદેશિક સેના દિન

## ➤ ભારતીય સેનાનો સૌથી મોટો પર્વતીય યુદ્ધ અભ્યાસ 'હિમ વિજય'



ભારતીય સેના દ્વારા તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન અરૂણાચલ પ્રદેશમાં પર્વતીય યુદ્ધ અભ્યાસ 'હિમ વિજય'નું આયોજન કરવામાં આવ્યું છે.

- અરૂણાચલ પ્રદેશમાં તવાંગ પાસે એક કરતા વધુ ચરણોમાં 14000 ફૂટની ઉંચાઈ પર યોજાનાર આ યુદ્ધ અભ્યાસને ભારતીય સેનાનો સૌથી મોટો પર્વતીય યુદ્ધ અભ્યાસ માનવામાં આવે છે.
- આ ઉપરાંત ભારતના કોઈ પૂર્વોત્તર રાજ્યમાં યોજાયેલો આ પ્રકારનો આ પ્રથમ યુદ્ધ અભ્યાસ છે.
- 4000 સૈનિકના એક એવા ત્રણ ગ્રુપમાં યોજાનાર આ યુદ્ધ અભ્યાસમાં 12000 સૈનિકો ભાગ લેશે.
- ભારત અને ચીન વચ્ચેની લાઈન ઓફ કન્ટ્રોલથી 100 કિલોમીટર દૂર અરૂણાચલ પ્રદેશમાં યોજાઈ રહેલા આ યુદ્ધ અભ્યાસનો ચીન દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

- ચીનના વિરોધના બે કારણો છે. એક, ચીન અરૂણાચલ પ્રદેશના એક મોટા ભાગને દક્ષિણ તિબેટનો ભાગ માને છે. અને બીજું, આ યુદ્ધ અભ્યાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી ઝિનપિંગ ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

**નોંધ :** આ યુદ્ધ અભ્યાસમાં ઈન્ટીગ્રેટેડ બેટલ ગ્રુપ્સ (IBGs)નો પ્રયોગ કરવામાં આવશે. જેમાં ભૂમિદળ, તોપખાનુ અને હવાઈ સુરક્ષા જેવી તમામ યુદ્ધ ક્ષમતાનો એક સાથે ઉપયોગ કરવામાં આવશે.

## ICE Questions

1. 'વિશ્વ ટપાલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર — **(C)**

2. ભારતમાં 'પ્રાદેશિક સેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર — **(C)**

3. તાજેતરમાં ઓક્ટોબર, 2019 દરમિયાન ભારતના કયા રાજ્યમાં ભારતીય સેનાના સૌથી મોટા પર્વતીય યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે ?
   (A) સિક્કિમ (B) અરૂણાચલ પ્રદેશ (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ — **(B)**

4. તાજેતરમાં ઓક્ટોબર, 2019 દરમિયાન અરૂણાચલ પ્રદેશમાં યોજાઈ રહેલા ભારતીય સેનાના સૌથી મોટા પર્વતીય યુદ્ધ અભ્યાસને શું નામ આપવામાં આવ્યું છે ?
   (A) યુદ્ધ વિજય (B) ભારત વિજય (C) હિમ વિજય (D) પર્વત વિજય — **(C)**

5. તાજેતરમાં ભારતમાં અરૂણાચલ પ્રદેશના કયા વિસ્તારમાં પર્વતીય યુદ્ધ અભ્યાસ 'હિમ વિજય'નું આયોજન કરવામાં આવ્યું છે ?
   (A) ચાંગલાંગ (B) લોહિત (C) લાંગડિંગ (D) તવાંગ — **(D)**


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 10 OCTOBER, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 10 ઓક્ટોબર, (1) રાષ્ટ્રીય ટપાલ દિવસ (National Post Day) (2) વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)

**નોંધ :** (1) 'વિશ્વ ટપાલ દિવસ' 9 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય ટપાલ દિવસ' 10 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

(2) વર્ષ 2019ની 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની થીમ 'Mental Health Promotion and Suicide Prevention' છે.



## ➤ કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો



9 ઓક્ટોબર, 2019ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેન્દ્ર સરકારના કર્મચારીઓના **મોંઘવારી ભથ્થા (Dearness Allowance - DA)**માં અને પેન્શનરોની **મોંઘવારી રાહત (Dearness Relief - DR)**માં 5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

- સરકારના આ નિર્ણયનો અમલ 1 જુલાઇ, 2019થી થશે.
- આ સાથે જ મોંઘવારી ભથ્થાનો વર્તમાન દર 12 ટકાથી વધીને 17 ટકા થઈ જશે.
- સરકારના આ નિર્ણયથી કેન્દ્ર સરકારના આશરે 49.93 લાખ કર્મચારીઓ અને 65.26 લાખ પેન્શનરોને લાભ મળશે.
- જ્યારે આ નિર્ણયથી સરકારની તિજોરી પર દર વર્ષે આશરે રૂ. 16000 કરોડ (અથવા તો રૂ. 15909.35 કરોડ)નો બોજ પડશે.

**નોંધ :** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે વર્ષમાં બે વખત 1 જાન્યુઆરીથી અને 1 જુલાઈથી અમલમાં આવે તે રીતે મોંઘવારી ભથ્થાના દરમાં ફેરફાર કરવામાં આવે છે.

### 1 જુલાઈ 2019થી સરકારના નિર્ણયનો અમલ કઈ રીતે ?

સામાન્ય રીતે ભારતમાં સરકારના કોઈ પણ નિર્ણયના અમલની જાહેરાત ત્રણ રીતે કરવામાં આવે છે :

(1) વર્તમાન અસરથી

(2) ભવિષ્યની અસરથી

(3) પાછલી અસરથી

- વર્તમાન અસરથી એટલે કે સરકારે જે દિવસે નિર્ણયની જાહેરાત કરી હોય તે દિવસથી જ એ નિર્ણયનો અમલ શરૂ થઈ જાય છે. દા.ત. નોટબંધી
- ભવિષ્યની અસરથી એટલે કે સરકારે ભવિષ્યની જે તારીખથી નિર્ણયના અમલની જાહેરાત કરી હોય તે તારીખથી ભવિષ્યમાં તે નિર્ણયનો અમલ શરૂ થશે. દા.ત. 1 એપ્રિલ, 2020થી ભારતમાં ફક્ત BS-VI સ્ટાન્ડર્ડવાળા એન્જિન ધરાવતા વાહનો જ વેચી શકાશે તેવો નિર્ણય.
- પાછલી અસરથી એટલે કે સરકારે હાલ જે નિર્ણય લીધો છે તેનો અમલ ભૂતકાળની જે તારીખથી નિર્ણયના અમલની જાહેરાત કરી હોય તે તારીખથી થશે. દા.ત. મોંઘવારી ભથ્થુ વધારવાનો વર્તમાન નિર્ણય.
- આ અંતર્ગત કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ નવા નિર્ણયનો લાભ 1 જુલાઈ 2019થી જ આપવામાં આવશે. આથી, ઓક્ટોબર 2019 અગાઉના સપ્ટેમ્બર, ઓગસ્ટ અને જુલાઈ મહિનામાં પણ કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ નવા દર પ્રમાણે જ મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવશે. અને જો તેમને આ અગાઉ જૂના દર પ્રમાણે મોંઘવારી ભથ્થુ ચૂકવાઈ ગયું હોય તો તેનો અત્યાર સુધીનો ડિફરન્સ હવે પછી ચૂકવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ એપ્રિલ 2020થી ભારતમાં બીએસ-6 વાહનોનું જ વેચાણ થઈ શકશે




ભારતમાં પ્રદૂષણ ઘટાડવા માટે થોડા સમય અગાઉ સુપ્રીમ કોર્ટે ભારતમાં 1 એપ્રિલ, 2020થી બીએસ-4 (BS-IV) વાહનોનું વેચાણ બંધ કરવા આદેશ આપ્યો હતો.

- સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ભારતમાં 1 એપ્રિલ 2020થી બીએસ-6 (BS-VI) વાહનોનું જ વેચાણ કરી શકાશે.
- તાજેતરમાં કેન્દ્ર સરકારે પણ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે 1 એપ્રિલ 2020થી ભારતમાં બીએસ-6 વાહનોનું જ વેચાણ કરી શકાશે.

### BS-4 અને BS-6 શું છે ?


BS અથવા તો BSESનું પૂરું નામ 'ભારત સ્ટેજ એમિશન સ્ટાન્ડર્ડ' છે.

- BS અથવા તો BSES એ એન્જિનમાંથી નીકળતા પ્રદૂષકોને નિયંત્રિત કરવાનો એક માપદંડ છે.
- તેની શરૂઆત વર્ષ 2000થી થઈ હતી.
- BS-4 કરતા BS-6 એન્જિનવાળા વાહનો અને તેમાં વપરાતું ઈંધણ વધુ અદ્યતન કક્ષાનું હશે. આથી આ વાહનો ઓછું પ્રદૂષણ ફેલાવશે.

**નોંધ :** (1) ભારતમાં એપ્રિલ, 2017થી BS-4 નિયમ લાગુ થયો હતો.
(2) કેન્દ્ર સરકારે વર્ષ 2016માં કરેલા નિર્ણય અનુસાર ભારતમાં BS-5 નિયમ લાગુ કરવામાં આવશે નહિ. તેની જગ્યાએ BS-4 પછી સીધો જ BS-6 નિયમ લાગુ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ Global Competitiveness Report 2019માં ભારત 68મા ક્રમે




World Economic Forum (WEF) દ્વારા તાજેતરમાં Global Competitiveness Report 2019 (વૈશ્વિક પ્રતિસ્પર્ધા રિપોર્ટ 2019) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં કુલ 141 દેશોમાં ભારતનો ક્રમ 68મો છે.
- આ અગાઉ વર્ષ 2018માં આ રિપોર્ટમાં કુલ 140 દેશોમાં ભારતનો ક્રમ 58મો અને વર્ષ 2017માં 137 દેશોમાં ભારતનો ક્રમ 40મો હતો.
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ 2019ના રિપોર્ટમાં સિંગાપોર પ્રથમ, અમેરિકા બીજા અને હોંગકોંગ ત્રીજા ક્રમે છે.
- જ્યારે ચાડ અંતિમ 141મા ક્રમે છે. જે વર્ષ 2018માં પણ અંતિમ 140મા ક્રમે હતું.

### Global Competitiveness Report 2019 Rank

| Rank | દેશ |
|---|---|
| 1 | સિંગાપોર |
| 2 | અમેરિકા |
| 3 | હોંગકોંગ |
| 68 | ભારત |
| 141 | ચાડ |

**નોંધ :** (1) આ રિપોર્ટમાં વર્ષ 2009થી સતત 2017 સુધી સ્વિટ્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે હતું.
(2) જ્યારે વર્ષ 2018માં અમેરિકા પ્રથમ ક્રમે રહ્યું હતું. અને હવે વર્ષ 2019માં સિંગાપોર પ્રથમ ક્રમે છે.

ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ટપાલ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(C)**

3. વર્ષ 2019ની 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની થીમ શું છે ?
(A) Mental Health in the Workplace
(B) Mental Health Promotion and Suicide Prevention
(C) Mental Health and Older adults
(D) Mental Health and Human Rights **(B)**

4. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં તેમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અને પેન્શનરોની મોંઘવારી રાહતમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 2 (B) 3 (C) 5 (D) 7 **(C)**

5. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં તેમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.. સરકારના આ નિર્ણયનો અમલ ક્યારથી થશે ?
(A) 1 નવેમ્બર, 2019 (B) 1 જાન્યુઆરી, 2020
(C) 1 એપ્રિલ, 2019 (D) 1 જુલાઈ, 2019 **(D)**

6. કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં તાજેતરમાં 5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ નવા વધારા સાથે હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓનો કુલ મોંઘવારી ભથ્થાનો દર વધીને કેટલા ટકા થઈ ગયો છે ?
(A) 12 (B) 15 (C) 17 (D) 19 **(C)**

7. કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં તાજેતરમાં 5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.... સરકારના આ નિર્ણયથી સરકારની તિજોરી પર દર વર્ષે અંદાજે કેટલા રૂપિયાનો બોજ પડશે ?
(A) 12,000 કરોડ (B) 14,000 કરોડ (C) 16,000 કરોડ (D) 20,000 કરોડ **(C)**

8. ભારતમાં વર્તમાન સમયે (10 ઓક્ટોબર, 2019ની સ્થિતિએ) કયા BS (ભારત સ્ટેજ) એમિશન સ્ટાન્ડર્ડવાળા વાહનોનું વેચાણ અમલમાં છે ?
(A) BS-3 (B) BS-4 (C) BS-5 (D) BS-6 **(B)**

9. 1 એપ્રિલ 2020થી ભારતમાં કયા BS (ભારત સ્ટેજ) એમિશન સ્ટાન્ડર્ડવાળા વાહનો જ વેચી શકાશે ?
(A) BS-5 (B) BS-6 (C) BS-7 (D) A અને B બંને **(B)**

10. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ 2019માં કુલ 141 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 40મા (B) 48મા (C) 58મા (D) 68મા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** WEFના વર્ષ 2018ના ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ 2018માં ભારત કયા ક્રમે હતું ?
(A) 58મા (B) 62મા (C) 66મા (D) 76મા **(A)**

**12.** WEFના 'ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ 2019'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) સિંગાપોર (B) અમેરિકા (C) સ્વિત્ઝર્લેન્ડ (D) હોંગકોંગ **(A)**

**13.** WEFના 'ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ 2019'માં અંતિમ 141મા ક્રમે કયો દેશ છે ?
(A) યમન (B) સોમાલિયા (C) ઝામ્બિયા (D) ચાડ **(D)**

## 11 OCTOBER, 2019 FRIDAY

## ➤ દિવસ મહિમા : 11 ઓક્ટોબર, ડે ઓફ ગર્લ્સ અથવા ઈન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ ચાઈલ્ડ

- વર્ષ 2019ની ઈન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ ચાઈલ્ડની થીમ '**Girl Force : Unscripted and Unstoppable**' છે.

## ➤ ભારતમાં ઈલેક્ટ્રોનિક વાહન ચાર્જિંગ ગાઈડ લાઈનમાં સુધારાને મંજૂરી



ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય ઉર્જા રાજ્યમંત્રી **શ્રી આર.કે. સિંહે** ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશન માટે **નવી ગાઈડલાઈન્સ**ને મંજૂરી આપી દીધી છે. આ અંતર્ગત –

(1) **શહેરો**માં દર **3 કિલોમીટર**ના અંતરે ઓછામાં ઓછું એક ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(2) જ્યારે **તમામ પ્રકારના હાઈવે** પર **દર 25 કિલોમીટર**ના અંતરે એક ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ રહેશે.

(3) ભારતમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર **બે ચરણ**માં તૈયાર કરાશે. પ્રથમ ચરણમાં **1થી 3 વર્ષ**ની અંદર 40 લાખથી વધુ વસતીના શહેર અને તેની સાથે જોડાયેલા એક્સપ્રેસ વે પર ચાર્જિંગ સ્ટેશન લગાવાશે. બીજા ચરણમાં **3થી 5** વર્ષમાં રાજ્યોની રાજધાનીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યાલયોમાં ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરાશે.

(4) એક શહેરથી બીજા શહેરમાં પરિવહન કરતાં **ભારે ઈલેક્ટ્રિક વાહનો** જેવા કે બસ, ટ્રક વગેરે માટે પ્રત્યેક **100 કિમી** પર **ફાસ્ટ ચાર્જિંગ સ્ટેશન** સ્થાપિત કરવામાં આવશે.

(5) નવી ગાઈડલાઈન મુજબ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા પબ્લિક ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના કરી શકશે. તેના માટે કોઈ પણ પ્રકારનું લાઈસન્સ લેવાની જરૂર નહિ પડે.

(6) આ ઉપરાંત ઘર અને કાર્યાલયોમાં પણ ખાનગી ચાર્જિંગ સ્ટેશન લગાવી શકાશે.

## ➤ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા સુરક્ષિત માતૃત્વ આશ્વાસન યોજના - SUMAN લોન્ચ




તાજેતરમાં 10 ઓક્ટોબર 2019ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ કાઉન્સિલના 13મા સંમેલનનું આયોજન થયું હતું.

- આ સંમેલનમાં કેન્દ્રીય મંત્રી ડો. હર્ષવર્ધન દ્વારા ભારતમાં 'SUMAN' યોજના લોન્ચ કરવામાં આવી છે.
- જેમાં SUMANનું પૂરું નામ SUrakshit Matritva AashwasaN Scheme (સુરક્ષિત માતૃત્વ આશ્વાસન યોજના) છે.
- આ યોજના અંતર્ગત ગર્ભવતી મહિલાઓને મફતમાં દવા આપવામાં આવશે.
- આ ઉપરાંત ડિલેવરી થઈ ગયા બાદ 6 મહિના સુધી મહિલા તથા શિશુને મફત સારવારનો લાભ મળશે.
- તેમજ આવી મહિલાઓને આયર્ન ફોલિક એસિડ સપ્લિમેન્ટ તથા ઘરથી હોસ્પિટલ સુધી મફત પરિવહનની સુવિધા પણ મળશે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં માતૃત્વ મૃત્યુ દર તથા બાળ મૃત્યુ દર ઘટાડવાનો છે.

### ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'ડે ઓફ ગર્લ્સ' અથવા તો 'ઈન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ ચાઈલ્ડ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 9 ઓક્ટોબર (B) 10 ઓક્ટોબર (C) 11 ઓક્ટોબર (D) 12 ઓક્ટોબર — **(C)**

2. વર્ષ 2019ની 'ઈન્ટરનેશનલ ડે ઓફ ગર્લ ચાઈલ્ડ'ની થીમ શું છે ?
   (A) Ending Child Marriage
   (B) Innovating for Girls Education
   (C) With Her : A Skilled Girl Force
   (D) Girl Force : Unscripted and Unstoppable — **(D)**

3. ભારતમાં તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નવી ગાઈડલાઈન અનુસાર ઈલેક્ટ્રોનિક વાહન માટે ભારતના શહેરોમાં દર કેટલા કિલોમીટરના અંતરે ઓછામાં ઓછું એક ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
   (A) 3 (B) 5 (C) 7 (D) 10 — **(A)**

4. ભારતમાં ઈ-વાહનો માટે તમામ પ્રકારના હાઈવે પર દર કેટલા કિલોમીટરના અંતરે એક ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
   (A) 10 (B) 15 (C) 20 (D) 25 — **(D)**

5. ભારતમાં બસ, ટ્રક જેવા ભારે ઈલેક્ટ્રિક વાહનો માટે પ્રત્યેક કેટલા કિમીના અંતરે ફાસ્ટ ચાર્જિંગ સ્ટેશન સ્થાપવામાં આવશે ?
   (A) 50 (B) 100 (C) 125 (D) 150 — **(B)**

6. ભારતમાં ગર્ભવતી મહિલાઓને મફતમાં દવા ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
   (A) મમતા (B) સખી (C) સુમન (D) સહેલી — **(C)**

7. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ગર્ભવતી મહિલાઓ માટે લોન્ચ કરવામાં આવેલી 'સુમન' યોજનાનું પૂરું નામ શું છે ?
(A) સુરક્ષિત મા આશ્વાસન યોજના (B) સુરક્ષિત માતા આશ્વાસન યોજના
(C) સુરક્ષિત માતૃત્વ આશ્વાસન યોજના (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

8. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી 'સુમન' યોજનાનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) 1થી 14 વર્ષની છોકરીઓમાં કુપોષણનો દર ઘટાડવો
(B) શાળામાં અભ્યાસ કરતી છોકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવો
(C) માતૃત્વ મૃત્યુ દર તથા બાળ મૃત્યુ દર ઘટાડવો
(D) બાળલગ્ન અટકાવવા **(C)**

## 12 OCTOBER, 2019 SATURDAY

### ➤ નોબેલ પુરસ્કાર 2019

તાજેતરમાં વર્ષ 2019 માટેના નોબેલ પ્રાઈઝ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

**નોબેલ પુરસ્કાર વિજેતા 2019**

| ક્રમ | પુરસ્કાર | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | ભૌતિકશાસ્ત્ર (Physics) | શ્રી જેમ્સ પીબલ્સ | કેનેડા |
| | | શ્રી માઈકલ મેયર | સ્વિત્ઝર્લેન્ડ |
| | | શ્રી ડિડીયર ક્વેલોઝ | સ્વિત્ઝર્લેન્ડ |
| 2 | રસાયણશાસ્ત્ર (Chemistry) | શ્રી જ્હોન બી. ગુડનફ | જર્મની |
| | | શ્રી એમ. સ્ટેન્લી વ્હિટિંગહમ | બ્રિટન |
| | | શ્રી અકિરા યોશિનો | જાપાન |
| 3 | ચિકિત્સા - શરીર વિજ્ઞાન (Medicine - Physiology) | શ્રી વિલિયમ જી. કેલીન | અમેરિકા |
| | | શ્રી પિટર જે. રેટક્લિફ | બ્રિટન |
| | | શ્રી ગ્રેગ એલ. સેમેન્ઝા | અમેરિકા |
| 4 | સાહિત્ય (Literature) | શ્રી પિટર હેન્ડકે | ઓસ્ટ્રિયા |
| 5 | શાંતિ (Peace) | શ્રી અબી અહેમદ | ઈથિયોપિયા |
| 6 | અર્થશાસ્ત્ર (Economic Sciences) | શ્રી અભિજીત બેનર્જી | અમેરિકા |
| | | શ્રીમતી એસ્થર ડફલો | ફ્રાન્સ |
| | | શ્રી માઈકલ ક્રેમર | અમેરિકા |

**નોંધ :**

(1) વર્ષ 2019નું રસાયણશાસ્ત્ર અથવા તો કેમેસ્ટ્રીનું નોબેલ પ્રાઈઝ મોબાઈલ સહિતના સાધનોમાં વપરાતી લિથિયમ આયન બેટરીના ડેવલપમેન્ટ માટે ત્રણ સંશોધકોને સંયુક્ત રીતે આપવામાં આવ્યું છે. જેમાં પ્રોફેસર જ્હોન બી. ગુડનફની ઉંમર 97 વર્ષ છે. આથી તેઓ નોબેલ પુરસ્કાર મેળવનારા અત્યાર સુધીના સૌથી મોટી ઉંમરના સંશોધક હોવાનું કહેવાય છે.

(2) વર્ષ 2014માં જેમણે સાહિત્યના નોબેલ સન્માનને બકવાસ ગણાવી તેને બંધ કરવાની તરફેણ કરી હતી તે ઓસ્ટ્રિયાના લેખક શ્રી પિટર હેન્ડકેને વર્ષ 2019નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

(3) વર્ષ 2019નો શાંતિનો નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી અબી અહેમદ અલી ઈથિયોપિયાના વર્તમાન વડાપ્રધાન છે. પોતાના કટ્ટર શત્રુ દેશ ઈરિટ્રિયા સાથેના સીમા વિવાદ ઉકેલવા માટે તેમણે કરેલી નિર્ણાયક પહેલ માટે તેમને આ પુરસ્કાર એનાયત થયો છે.

(4) ભારતમાં જન્મેલા અને અમેરિકાની નાગરિકતા ધરાવતા અર્થશાસ્ત્રી શ્રી અભિજીત બેનર્જી તથા તેમના પત્ની શ્રીમતી એસ્થર ડફ્લો અને શ્રી માઈકલ ક્રેમરને વૈશ્વિક ગરીબી દૂર કરવા માટે તેમણે અપનાવેલા પ્રાયોગિક અભિગમ માટે વર્ષ 2019નો ઈકોનોમિક્સનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પોલેન્ડના લેખિકા સુશ્રી ઓલ્ગા તોકાર્ઝુકને વર્ષ 2018નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર

સાહિત્યનો નોબેલ પુરસ્કાર સ્વિડિશ એકેડમી દ્વારા એનાયત થાય છે.



- આ અગાઉ સાહિત્યના નોબેલ વિજેતાની પસંદગી કરનાર સ્વિડિશ એકેડમીના જ્યુરી મેમ્બર કવયિત્રી કેટરિના ફ્રોસ્ટેનસનના પતિ પર થયેલા યૌનશોષણ અંગેના ગંભીર આરોપોને કારણે વર્ષ 2018નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર સ્થગિત કરવામાં આવ્યો હતો.
- આથી, વર્ષ 2019ના સાહિત્યના નોબેલ પુરસ્કાર વિજેતાની સાથે વર્ષ 2018ના સાહિત્યના નોબેલ પુરસ્કાર વિજેતાની પણ જાહેરાત કરવામાં આવી છે.
- આ અંતર્ગત વર્ષ 2018નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર પોલેન્ડના મહિલા લેખિકા સુશ્રી ઓલ્ગા તોકાર્ઝુકને એનાયત થયો છે.

## નોબેલ પુરસ્કાર




**સ્વિડન**ના પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી **શ્રી આલ્ફ્રેડ નોબેલ**ની યાદમાં દર વર્ષે આ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

- ઈ.સ. **1895**માં **શ્રી આલ્ફ્રેડ નોબેલ** દ્વારા આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ ઈ.સ. **1901**માં કુલ **પાંચ ક્ષેત્રો**માં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો : (1) **શાંતિ** (2) **સાહિત્ય** (3) **રસાયણશાસ્ત્ર** (4) **શરીરવિજ્ઞાન** અથવા **મેડિસિન** અને (5) **ભૌતિકશાસ્ત્ર**.
- શરૂઆતમાં 1901થી દર વર્ષે ઉપરોક્ત **પાંચ** ક્ષેત્રોમાં આ એવોર્ડ એનાયત થયો હતો.
- ત્યારબાદ ઈ.સ. **1969**થી **અર્થશાસ્ત્ર**ના નોબેલ પુરસ્કારની પણ શરૂઆત કરવામાં આવી.
- આથી, વર્તમાન સમયે અર્થશાસ્ત્ર સહિત કુલ **6 ક્ષેત્રો**માં આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને **એક ગોલ્ડ મેડલ**, **એક સર્ટિફિકેટ** અને **રોકડ રકમ** એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે **સ્વિડન**ના પાટનગર **સ્ટોકહોમ** ખાતે યોજાય છે.
- જોકે, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર **સ્વિડન** દ્વારા નહિ પરંતુ **નોર્વે** દ્વારા એનાયત થાય છે.
- આથી, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ **નોર્વે**ના પાટનગર **ઓસ્લો** ખાતે યોજાય છે.

**કયો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?**

| ક્રમ | નોબેલ પુરસ્કાર | કોના દ્વારા એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | સાહિત્ય | સ્વિડિશ એકેડમી |
| 2 | ફિઝિક્સ, કેમેસ્ટ્રી | રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ |
| 3 | મેડિસિન-ફિઝિયોલોજી | નોબેલ એસેમ્બ્લી એટ ધ કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટ |
| 4 | શાંતિ | નોર્વેજીયન નોબેલ કમિટી |
| 5 | અર્થશાસ્ત્ર | સ્વેરિગ્સ રિક્સબેન્ક |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પુરસ્કારની રકમ

આ એવોર્ડ અંતર્ગત પુરસ્કાર રૂપે કેટલી ધનરાશી આપવી તે **'નોબેલ ફાઉન્ડેશન'** દ્વારા નક્કી થાય છે.

- આ એવોર્ડ વિજેતા વ્યક્તિવિશેષને **એક ગોલ્ડ મેડલ**, **એક સર્ટિફિકેટ** અને વર્ષ **2017**માં **9 લાખ SEK (સ્વિડિશ ચલણ)** અથવા તો **11,10,000 અમેરિકન ડોલર** રોકડ રકમ આપવામાં આવી હતી.

## પુરસ્કાર સમારોહ

આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે **સ્વિડન**ના પાટનગર **સ્ટોકહોમ** ખાતે યોજાય છે.

- જોકે, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર **સ્વિડન** દ્વારા નહિ, પરંતુ **નોર્વે** દ્વારા એનાયત થાય છે.
- આથી, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ **નોર્વે**ના પાટનગર **ઓસ્લો** ખાતે યોજાય છે.

**નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય**

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી રવિન્દ્રનાથ ટાગોર | 1913 | સાહિત્ય |
| 2 | શ્રી સી. વી. રામન | 1930 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | મધર ટેરેસા (જન્મ : સ્કોપ્જે, મેસેડોનિયા; નિધન : કોલકાતા) | 1979 | શાંતિ |
| 4 | શ્રી અમર્ત્ય સેન | 1998 | અર્થશાસ્ત્ર |
| 5 | શ્રી કૈલાશ સત્યાર્થી | 2014 | શાંતિ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના કેટલાક વ્યક્તિઓ**

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી હરગોવિંદ ખુરાના | 1968 | મેડિસિન |
| 2 | શ્રી સુબ્રમણ્યમ ચન્દ્રશેખર | 1983 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | શ્રી વી. એસ. નાયપોલ | 2001 | સાહિત્ય |
| 4 | શ્રી વેંકટરામન રામકૃષ્ણન | 2009 | રસાયણશાસ્ત્ર (Chemistry) |

**નોંધ :** (1) **શ્રી રવિન્દ્રનાથ ટાગોર** નોબેલ પુરસ્કાર વિજેતા **પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન** વ્યક્તિ છે. તેમને **1913**માં **સાહિત્ય**નો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) છેલ્લે વર્ષ **2014**માં ભારતના **શ્રી કૈલાશ સત્યાર્થી**ને **શાંતિ**નો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) શ્રી રવિન્દ્રનાથ ટાગોર અગાઉ ભારતના વર્તમાન ઉત્તરાખંડમાં જન્મેલા **શ્રી રોનાલ્ડ રોસ**ને 1902માં મેડિસિનનો અને ભારતના મુંબઈમાં જન્મેલા **શ્રી રુયાર્ડ કિપલિંગ**ને 1907માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. જોકે, તેઓ બ્રિટનના નાગરિક હતા.

## ➤ ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગની ભારત મુલાકાત

તાજેતરમાં 11-12 ઓક્ટોબર 2019ના રોજ ચીનના રાષ્ટ્રપતિ **શ્રી શી જિનપિંગ** ભારતની મુલાકાતે આવ્યા હતા.

- તેમની આ મુલાકાત દરમિયાન શ્રી શી જિનપિંગ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વચ્ચે **તમિલનાડુ**માં **ચેન્નાઈ** પાસે આવેલા **મહાબલીપુરમ**માં અનૌપચારિક મુલાકાત થઈ હતી.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ વચ્ચે થયેલ આ **બીજું અનૌપચારિક શિખર સંમેલન** હતું.
- આ અગાઉ વર્ષ **2018**માં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની **ચીન** મુલાકાત દરમિયાન **ચીન**ના **વુહાન** ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ વચ્ચે આવી **પ્રથમ અનૌપચારિક શિખર બેઠક** થઈ હતી.
- આ મંત્રણા દરમિયાન બંને દેશના નેતાઓ આતંકવાદ અને ધાર્મિક કટ્ટરતા વિરુદ્ધ મળીને લડવા માટે સહમત થયા હતા.
- વર્ષ **2020**માં ભારત-ચીનના રાજદ્વારી સંબંધોને **70 વર્ષ** પૂરા થઈ રહ્યા છે ત્યારે આ પ્રસંગે બંને દેશો દ્વારા કુલ **70** પ્રકારના કાર્યક્રમો યોજાશે.

- આ ઉપરાંત વર્ષ 2020માં ભારત-ચીનના રાજદ્વારી સંબંધોની 70મી વર્ષગાંઠ નિમિત્તે વર્ષ 2020ને 'Year of India-China Cultural and People to People Exchanges' (ભારત-ચીન લોકો દ્વારા સાંસ્કૃતિક આદાનપ્રદાનના વર્ષ) તરીકે ઉજવવા માટે પણ સહમતી સધાઈ છે.
- અજંતા અને દુનહુઆંગના અનુભવને આધારે ભારતના મહાબલીપુરમ અને ચીનના ફુજિયાન પ્રાંત વચ્ચેના સંબંધોના અભ્યાસ માટે એક એકેડમી સ્થાપવાની સંભાવના પણ ચકાસવામાં આવશે.
- આ પ્રસંગે ભારત દ્વારા ચીનના પ્રવાસીઓ માટે પાંચ વર્ષના પ્રવાસી ઈ-વિઝા આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અનૌપચારિક શિખર મંત્રણા એટલે શું ?

અનૌપચારિક બેઠક એટલે એવી બેઠક કે જેમાં કયા મુદ્દે વાતચીત થશે તેનો અગાઉથી કોઈ જ એજન્ડા નક્કી હોતો નથી.

- આથી, આવી બેઠક દરમિયાન બે દેશના વડાઓ તથા ડેલિગેશન ખુલ્લા મને કોઈ પણ મુદ્દા વિશે વાત કરી શકે છે.
- જ્યારે કોઈ આપસી મતભેદ ધરાવતા બે દેશો દ્વારા આવી બેઠકનું આયોજન કરવામાં આવે છે ત્યારે તે બંને દેશો વચ્ચેના મતભેદો ઓછા કરીને આપસી સહયોગ વધારવામાં આવી બેઠક મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

## મહાબલીપુરમ

આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી શી જિનપિંગે મહાબલીપુરમમાં અર્જુનની તપસ્થળી, પાંચ રથ અને શોર મંદિરની મુલાકાત લીધી હતી.

- જેમાં શોર મંદિર પાસે આવેલા 'કૃષ્ણા બટર બોલ' તરીકે ઓળખાતા પથ્થરનો પણ સમાવેશ થાય છે. ઢાળ વાળા પર્વત પર આ પથ્થર એવી રીતે ઉભો છે કે જાણે હમણા જ પડી જશે. પરંતુ આશરે 250 ટન વજન ધરાવતો આ પથ્થર લગભગ 1200-1300 વર્ષથી એક જ જગ્યાએ છે. આ પથ્થરને સાત હાથીઓ પણ હટાવી શક્યા ન હતા એવું કહેવાય છે.

- કેટલાક મીડિયા રિપોર્ટ અનુસાર **શ્રી શી જિનપિંગ** મહાબલીપુરમની મુલાકાત લેનારા **ચીનના ત્રીજા નેતા** છે. આ અગાઉ સાતમી સદીમાં પ્રસિદ્ધ ચીની યાત્રી **શ્રી હ્યુએન સંગ** અને વર્ષ 1956માં ચીનના તત્કાલીન પ્રમુખ **શ્રી ઝાઉ એન લાઈ**એ મહાબલીપુરમની મુલાકાત લીધી હતી.
- અગાઉ **'મહાબલીપુરમ'** કે **'સાત પેગોડા'** તરીકે ઓળખાતા મહાબલીપુરમને હાલ **મામલ્લાપુરમ** તરીકે ઓળખવામાં આવે છે.
- મામલ્લાપુરમ અથવા તો મહાબલીપુરમ એ **તમિલનાડુ**ના **ચેંગાલપટ્ટુ** જિલ્લામાં બંગાળની ખાડીના કોરોમંડલ કિનારે આવેલું છે.
- **સાતમી સદી**માં આ શહેર **પલ્લવ રાજાઓ**ની **રાજધાની** હતું.
- **Group of Monuments at Mahabalipuram** એટલે કે **મહાબલીપુરમ ખાતે આવેલા સ્મારકોના જૂથ**નો **ભારત**ની **છઠ્ઠી વર્લ્ડ હેરિટેજ સાઈટ** તરીકે **1984**માં **યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ**માં સમાવેશ થયો હતો.

**નોંધ :** (1) આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **મહાબલીપુરમ**ના દરિયા કિનારે 30 મિનિટ સુધી પ્લાસ્ટિક સહિતના નકામા કચરાને વીણીને સાફ સફાઈનું કામ કર્યું હતું. જેને **'પ્લોગિંગ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) સવારે જોગિંગ અથવા તો રનિંગ કરતી વખતે પ્લાસ્ટિક બોટલ સહિતના નકામા કચરાને એકત્રિત કરવાની પ્રવૃત્તિને **'પ્લોગિંગ'** કહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

1. ભારતીય મૂળના કયા અમેરિકન અર્થશાસ્ત્રી તથા તેમના પત્નીને વર્ષ 2019નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) શ્રી અરવિંદ બેનર્જી (B) શ્રી અમરિષ બેનર્જી
(C) શ્રી અભિજીત બેનર્જી (D) શ્રી અભિષેક બેનર્જી **(C)**

2. વર્ષ 2019ના અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી અભિજીત બેનર્જી (B) શ્રીમતી એસ્થર ડફલો
(C) શ્રી માઈકલ કેઈન (D) શ્રી માઈકલ ક્રેમર **(C)**

3. વર્ષ 2018ના સાહિત્યના નોબેલ પુરસ્કાર વિજેતા કોણ છે ?
(A) શ્રી પિટર હેન્ડકે (B) સુશ્રી કેટરિના ફ્રોસ્ટેનસન
(C) સુશ્રી ડોના સ્ટ્રિકલેન્ડ (D) સુશ્રી ઓલ્ગા તોકાર્ઝુક **(D)**

4. કયા દેશના મહિલા લેખિકા સુશ્રી ઓલ્ગા તોકાર્ઝુકને વર્ષ 2018નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) પોલેન્ડ (B) ફ્રાન્સ (C) કેનેડા (D) અમેરિકા **(A)**

5. વર્ષ 2019ના સાહિત્યના નોબેલ પુરસ્કાર વિજેતા કોણ છે ?
(A) શ્રી જેમ્સ પીબલ્સ (B) શ્રી પિટર હેન્ડકે
(C) શ્રી માઈકલ મેયર (D) શ્રી પિટર જે. રેટક્લિફ **(B)**

6. કયા દેશના લેખક શ્રી પિટર હેન્ડકેને વર્ષ 2019નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) પોલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) અમેરિકા (D) ઓસ્ટ્રિયા **(D)**

7. વર્ષ 2019નો શાંતિનો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?
(A) શ્રી અબ્દુલ અહેમદ (B) શ્રી અબ્દુલ રહીમ
(C) શ્રી અબી અહેમદ (D) શ્રી અબ્દુલ રહેમત **(C)**

8. વર્ષ 2019નો શાંતિનો નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી અબી અહેમદ કયા દેશના વડાપ્રધાન છે ?
(A) ઈરિટ્રિયા (B) ઈથિયોપિયા (C) ઝામ્બિયા (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

9. વર્ષ 2019ના ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી જેમ્સ પીબલ્સ (B) શ્રી માઈકલ મેયર
(C) શ્રી ડિડીયર ક્વેલોઝ (D) શ્રી જ્હોન બી. ગુડનફ **(D)**

10. તાજેતરમાં શ્રી જ્હોન બી. ગુડનફ, શ્રી એમ. સ્ટેન્લી વ્હિટિંગહમ અને શ્રી અકિરા યોશિનોને શેના ડેવલપમેન્ટ માટે વર્ષ 2019નો રસાયણશાસ્ત્ર (Chemistry)નો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) પર્યાવરણ સુરક્ષા માટેની મોબાઈલ એપ (B) મહિલા સુરક્ષા માટેની મોબાઈલ એપ
(C) લેટેસ્ટ કેમેરાવાળા ડ્રોન વિમાન (D) લિથિયમ આયન બેટરી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. સાહિત્યનો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?
(A) રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ (B) નોર્વેજીયન નોબેલ કમિટી
(C) સ્વિડિશ એકેડમી (D) રોયલ સ્વિડિશ એકેડમી ફોર લિટરેચર
(C)

12. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ વચ્ચે ભારતમાં કેટલામી અનૌપચારિક શિખર બેઠક થઈ હતી ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી
(B)

13. તાજેતરમાં ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વચ્ચે બીજી અનૌપચારિક શિખર બેઠક કયાં થઈ હતી ?
(A) હૈદરાબાદ (B) મૈસુર
(C) મહાબલીપુરમ (અથવા મામલ્લાપુરમ) (D) નવી દિલ્હી
(C)

14. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ વચ્ચે પ્રથમ અનૌપચારિક બેઠક કયાં યોજાઈ હતી ?
(A) બેઈજિંગ (B) વુહાન (C) શાંઘાઈ (D) હેન્ગઝોઉ
(B)

15. વર્ષ 2020માં ભારત અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોને કેટલા વર્ષ પૂરા થશે ?
(A) 60 (B) 70 (C) 75 (D) 100
(B)

16. અર્જુનની તપસ્યાસ્થળી, પંચ રથ, શોર મંદિર, કૃષ્ણા બટર બૉલ વગેરે સ્થાપત્યો ભારતના કયા રાજ્યમાં આવેલા છે ?
(A) કેરળ (B) તેલંગાણા (C) તમિલનાડુ (D) કર્ણાટક
(C)

ICE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ બાર્કલેઝ હુરૂન ઈન્ડિયા રિચલિસ્ટ 2019

તાજેતરમાં **બાર્કલેઝ હુરૂન ઈન્ડિયા રિચલિસ્ટ 2019**માં જાહેર કરવામાં આવેલી **ગુજરાત**ના ટોપ ટેન **ધનિકો**ની યાદીમાં **અમદાવાદ**ના **શ્રી ગૌતમ અદાણી પ્રથમ** ક્રમે છે. જ્યારે **કેડિલા હેલ્થકેર**ના **શ્રી પંકજ પટેલ** આ યાદીમાં **બીજા** ક્રમે છે. આ યાદીમાં હાલ ગુજરાતમાં નિવાસ કરતા હોય તેવા ધનિકોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. આથી આ યાદીમાં શ્રી મુકેશ અંબાણીનો સમાવેશ થયો નથી.

# ભારત

## ➤ ભારતમાં કરદાતાઓ માટેની ફેસલેસ ઈ-એસેસમેન્ટ સ્કીમનો પ્રારંભ

ભારતમાં કરવેરા અધિકારી દ્વારા થતા ભ્રષ્ટાચારને રોકવા માટે ભારત સરકારના **ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ** દ્વારા તાજેતરમાં **ફેસલેસ ઈ-એસેસમેન્ટ સ્કીમ**નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સ્કીમ હેઠળ કરવેરા અધિકારી અને કરદાતા એકબીજાના સંપર્કમાં આવશે નહિ. આથી આ અંગે થતો ભ્રષ્ટાચાર રોકી શકાશે. ભારતના મહેસૂલ સચિવ **શ્રી અજય ભૂષણ પાંડે** દ્વારા જેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે તે **નેશનલ ઈ-એસેસમેન્ટ સેન્ટર (NEAC)** દ્વારા ભારતમાં આ **ફેસલેસ ઈ-એસેસમેન્ટ સ્કીમ** પૂરી પાડવામાં આવશે.

# વિશ્વ

## ➤ 17મી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019

તાજેતરમાં સપ્ટેમ્બર - ઓક્ટોબર 2019 દરમિયાન **કતાર**ના **દોહા** ખાતે **17મી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019**નું આયોજન થયું હતું. જેમાં 14 ગોલ્ડ સહિત કુલ 29 મેડલ સાથે **અમેરિકા** પ્રથમ ક્રમે છે. જ્યારે અમેરિકા બાદ **કેન્યા બીજા** અને **જમૈકા ત્રીજા** ક્રમે છે. જોકે, આ ચેમ્પિયનશિપમાં **ભારત**ને એક પણ મેડલ મળ્યો ન હતો. આથી, આ ચેમ્પિયનશિપમાં ભારતને મેડલ ટેબલમાં સ્થાન મળ્યું નથી. પરંતુ તે **પોઈન્ટ ટેબલ**માં **58મા** ક્રમે રહ્યું છે. આ ચેમ્પિયનશિપમાં કુલ 206 દેશોએ ભાગ લીધો હતો. વર્ષ 1991થી **દર બે વર્ષે** આ ચેમ્પિયનશિપ યોજાય છે. હવે પછી વર્ષ **2021**માં **અમેરિકા**ના **યુજેન (Eugene)** ખાતે અને વર્ષ **2023**માં **હંગેરી**ના **બુડાપેસ્ટ** ખાતે આ ચેમ્પિયનશિપ યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ➤ બાર્કલેઝ હુરૂન ઈન્ડિયા રિચલિસ્ટ 2019માં જાહેર કરવામાં આવેલી ગુજરાતના ટોપ ટેન ધનિકોની યાદીમાં પ્રથમ ક્રમે કયા ઉદ્યોગપતિ છે ? – શ્રી ગૌતમ અદાણી
- ➤ ભારતમાં કરદાતા અને અધિકારી એકબીજાના સંપર્કમાં ન આવે તે માટે કઈ સ્કીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – ફેસલેસ ઈ–એસેસમેન્ટ સ્કીમ
- ➤ ભારતમાં કરદાતાઓને 'ફેસલેસ ઈ–એસેસમેન્ટ સ્કીમ' ઉપલબ્ધ કરાવવા માટે કયા સેન્ટરનો તાજેતરમાં પ્રારંભ કરવામાં આવ્યો છે ? – નેશનલ ઈ–એસેસમેન્ટ સેન્ટર (NEAC)
- ➤ તાજેતરમાં 17મી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019નું આયોજન કયાં થયું હતું ? – દોહા (કતાર)
- ➤ 17મી વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપ 2019માં મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ? – અમેરિકા

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. ઓક્ટોબર 2019 દરમિયાન RBI દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર અથવા તો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે ? – 7 ટકા
2. તાજેતરમાં કયા દેશની સંસદે બિન મુસ્લિમોને વડાપ્રધાન તથા રાષ્ટ્રપતિ બનવાની મંજૂરી આપતું બિલ અટકાવ્યું છે? – પાકિસ્તાન
3. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપ્રમુખે એક ભ્રષ્ટ વ્યક્તિને કાયદા પ્રધાન બનાવતા તેના વિરોધમાં લોકો રસ્તા પર આવી ગયા હતા અને વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા ? – દક્ષિણ કોરિયા
4. મેલેરિયા અને ટી.બી.ના જીવાણુઓને મારવા માટે ગુજરાતની કઈ યુનિવર્સિટી દ્વારા કરાયેલા કેમિકલ રિસર્ચને તાજેતરમાં પેટર્ન મળી છે ? – ગુજરાત યુનિવર્સિટી
5. તાજેતરમાં અમેરિકાએ યુરોપિયન યુનિયન (EU)ની કેટલા અબજ ડોલરની વસ્તુઓ પર ડ્યુટી નાખવાની જાહેરાત કરી છે ? – 7.5 અબજ ડોલર
6. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર IRCTC દ્વારા ભારતની કઈ ટ્રેનમાં મુસાફરોને રૂ. 25 લાખનો ફ્રી વીમો આપવામાં આવશે ? – નવી દિલ્હી - લખનૌ તેજસ એક્સપ્રેસ
7. આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશનની સફર કરનાર સંયુક્ત આરબ અમિરાત અથવા તો યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના પ્રથમ અવકાશયાત્રીનું નામ શું છે ? – શ્રી હઝા–અલ–મંસૂરી
8. તાજેતરમાં શ્રી હઝા–અલ–મંસૂરી ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનની સફર કરનાર કયા દેશના પ્રથમ અવકાશયાત્રી બન્યા છે ? – સંયુક્ત આરબ અમિરાત અથવા UAE
9. ભારતમાં હાલ બેન્કોમાં વર્કિંગ દિવસોમાં 8 : 00 વાગ્યાથી સાંજના 7 : 00 વાગ્યા સુધી NEFTની સુવિધા ઉપલબ્ધ થાય છે. RBI દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં આ સુવિધા ક્યારથી 24 × 7 (અઠવાડિયાના દરેક દિવસે 24 કલાક) ઉપલબ્ધ કરાવવામાં આવશે ? – ડિસેમ્બર 2019થી
10. NEFTનું પૂરું નામ શું છે ? – National Electronic Fund Transfer
11. તાજેતરમાં સૌથી ઓછી ટેસ્ટમાં 200 વિકેટ ઝડપનાર ડાબોડી બોલર બનવાનો રેકોર્ડ કયા ખેલાડીએ બનાવ્યો છે ? – શ્રી રવિન્દ્ર જાડેજા

    (તેમણે 44 ટેસ્ટમાં 200 વિકેટ ઝડપીને શ્રીલંકાના શ્રી રંગના હેરાથનો 47 મેચમાં 200 વિકેટનો રેકોર્ડ તોડયો છે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. તાજેતરમાં 5 ઓક્ટોબર 2019ના રોજ મુખ્યમંત્રી સાથે 'મોકળા મને' શ્રેણીના ત્રીજા કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોની સાથે સંવાદ કર્યો હતો ?

– દિવ્યાંગો સાથે (દિવ્યાંગ – મનો દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓ સાથે)

(આ અગાઉ પ્રથમ કાર્યક્રમમાં એવોર્ડ વિજેતા શિક્ષકો સાથે અને બીજા કાર્યક્રમમાં ઝૂંપડપટ્ટીમાં વસતા લોકો સાથે મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યક્રમ અંતર્ગત સંવાદ કર્યો હતો.)

13. ગુજરાતમાં દર મહિને મહિનામાં એક વખત કયા સ્થળે મુખ્યમંત્રી સાથે 'મોકળા મને' કાર્યક્રમ યોજાય છે ?

– મુખ્યમંત્રી નિવાસ સ્થાને

14. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કયા ગામના તળાવની મધ્યમાં પરમ પૂજ્ય સંત શ્રી પ્રમુખ સ્વામી મહારાજની દિવ્ય પ્રતિમા સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે ? – ચાણસદ

15. પરમ પૂજ્ય સંત શ્રી પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળ ચાણસદને પ્રમુખ પ્રવાસન યાત્રાધામ તરીકે વિકસાવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ચાણસદમાં રૂ. 10 કરોડના વિકાસકામનું ખાતમુહૂર્ત કર્યું છે....ચાણસદ ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

– વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં

16. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલ એક કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બુલેટ ટ્રેન માટે જમીન આપવાની પહેલ કરનારા કયા ગામના ખેડૂતોને બિરદાવ્યા હતા ? – ચાણસદ

17. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં કઈ જગ્યાએ ફર્નિચર પાર્કની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે ?

– કંડલા (કચ્છ)

18. શિપિંગ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો ધરાવતા કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવીયાની ઉપસ્થિતિમાં તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ SICP ફર્નિચર પાર્ક સેમિનારનું આયોજન થયું હતું ? – ગાંધીધામ

19. તાજેતરમાં ગુજરાતમાં 8 ઓક્ટોબર 2019ને દશેરાના દિવસે કયા સ્થળે ગ્રામીણ ઓલિમ્પિક્સનું આયોજન કરવામાં આવ્યું હતું ? – દેવગઢ બારિયા (જિ. દાહોદ)

20. ગુજરાતમાં દશેરાના દિવસે કઈ જગ્યાએ યોજાતા લોકમેળામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષે ગ્રામીણ ઓલિમ્પિક્સનું આયોજન કરવામાં આવે છે ? – દેવગઢ બારિયા (જિ. દાહોદ)

21. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ જગ્યાએ શરૂ થયેલી દક્ષિણ સૌરાષ્ટ્રની પ્રથમ કેન્સર હોસ્પિટલનો પ્રારંભ કરાવ્યો છે ? – વડાલ (જિ. જૂનાગઢ)

22. થોડા સમય અગાઉ બાલાકોટ એરસ્ટ્રાઈક વખતે ભારતીય વાયુસેના દ્વારા ભૂલથી ભારતનું જ એક હેલિકોપ્ટર તોડી પાડવામાં આવ્યું હતું...આ હેલિકોપ્ટરનું નામ શું છે ? – MI-17

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

23. તાજેતરમાં ભારતમાં શરૂ થયેલી કઈ ટ્રેનમાં મુસાફરોની સુવિધા માટે એર હોસ્ટેસની જેમ ટ્રેન હોસ્ટેસની વ્યવસ્થા કરવામાં આવી છે ? – દિલ્હી-લખનૌ તેજસ એક્સપ્રેસ

24. તાજેતરમાં ઈસરોએ કરેલી જાહેરાત અનુસાર ચંદ્રયાન-2ના કયા ભાગે ચંદ્ર પર સોડિયમ, કેલ્શિયમ, એલ્યુમિનિયમ, સિલિકોન, ટાઈટેનિયમ અને આયર્ન જેવા 6 તત્ત્વો શોધ્યા છે ? – ઓર્બિટરે

25. સમગ્ર શહેરના બુકી ભેગા થઈ સ્પોર્ટ્સ ઈવેન્ટ દરમિયાન સટ્ટો રમી શકે તે માટે કયા શહેરમાં વિશ્વનું પ્રથમ સ્પોર્ટ્સ બેટિંગ એરેના શરૂ થઈ રહ્યું છે ? – વોશિંગ્ટન

26. ભારત તરફથી 100 ટી-20 મેચ રમનાર પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – સુશ્રી હરમનપ્રીત કોર

27. તાજેતરમાં સુશ્રી હરમનપ્રીત કોરે કયા દેશ સામે 100મી ટી-20 મેચ રમીને ભારત તરફથી 100 ટી-20 મેચ રમનાર પ્રથમ ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી છે ? – દક્ષિણ આફ્રિકા

28. ભારતમાં દશેરાનો તહેવાર કયા દિવસે ઉજવાય છે ? – આસો સુદ દશમ

29. તાજેતરમાં દશેરાના દિવસે ભારતમાં ભારતના સૌથી મોટા 221 ફૂટની ઊંચાઈના રાવણના પૂતળાનું દહન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું ? – ચંદીગઢ

30. તાજેતરમાં દશેરાના દિવસે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં કઈ જગ્યાએ અથવા તો કયા વિસ્તારની રામલીલામાં રાવણના પૂતળાનું દહન કર્યું હતું ? – દ્વારકા વિસ્તારના DDA ગ્રાઉન્ડમાં

31. તાજેતરમાં કયા દેશમાં ઈંધણના ભાવ વધારાના વિરોધમાં થયેલા હિંસક દેખાવને કારણે 60 દિવસ માટે કટોકટી લાદવામાં આવી છે ? – ઈક્વાડોર

32. ક્રિકેટના ત્રણેય ફોર્મેટ ટી-20, વન ડે અને ટેસ્ટમાં ઓપનિંગ બેટ્સમેન તરીકે સદી ફટકારનાર ભારતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

33. તાજેતરમાં કયા દેશમાં ઈમિગ્રન્ટ્સ (વસાહતીઓ) માટે 'હેલ્થકેર કવચ' ફરજિયાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – અમેરિકા

34. તાજેતરમાં ગુજરાતમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. એ.આર. પાઠકની મુદત પૂરી થતા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તરીકેનો ચાર્જ કોને સોંપવામાં આવ્યો છે ? – ડો. વી.પી. ચોવટીયા

35. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં રાજ્યના દરેક વિસ્તારના નાગરિકને સારવાર મળે તે માટે અંતરિયાળ વિસ્તારમાં ડ્રોનનો ઉપયોગ કરવા માટે નવો કાયદો બનાવવામાં આવ્યો છે ? – તેલંગાણા

36. તાજેતરમાં કઈ જગ્યાએ થઈ રહેલા સરકાર વિરોધી ઝૂંબેશના દેખાવકારો માટે માસ્ક પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ? – હોંગકોંગ

37. તાજેતરમાં સાઉથ કોરિયામાં આયોજિત બુસાન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતની કઈ અભિનેત્રીને 'ફેસ ઓફ એશિયા' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે ? – સુશ્રી ભૂમિ પેડણેકર

38. તાજેતરમાં ગુજરાત સરકારે નાગરિકોને ક્યાં સુધી PUC તથા હેલમેટ પહેરવામાંથી મુક્તિ આપી છે ? – 31 ઓક્ટોબર, 2019

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

39. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે આપેલી મંજૂરી બાદ હવે ભારતમાં યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોના પરિવારને રૂ. 2 લાખની જગ્યાએ કેટલી આર્થિક સહાય મળશે ? – રૂ. 8 લાખ
(સૈનિકોને પેન્શન, સામૂહિક વિમો, સેના કલ્યાણનિધિ અને અનુગ્રહ રાશિ ઉપરાંત આ રકમ આપવામાં આવે છે.)

40. ઓપનર તરીકેની ડેબ્યુ ટેસ્ટની (પ્રથમ ટેસ્ટની) બંને ઈનિંગમાં સદી ફટકારનાર વિશ્વના પ્રથમ બેટ્સમેન કોણ છે ?
– શ્રી રોહિત શર્મા

41. ભારતના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ હાલમાં એર ઈન્ડિયાના કયા વિમાનનો ઉપયોગ કરે છે ?
– બોઈંગ બી - 747

42. ભારતના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ માટે જુલાઈ 2020 સુધીમાં કયું નવું વિમાન આવી જશે ?
– બોઈંગ 777

43. ભારતમાં 1 ઓક્ટોબર 2019થી એક વર્ષ માટે કેન્દ્રિય કર્મચારીઓ માટે હાઉસિંગ લોન પરનું વ્યાજ 8.5 ટકાથી ઘટાડીને કેટલું કરવામાં આવ્યું છે ? – 7.9 ટકા

44. તાજેતરમાં એક ટેસ્ટ મેચમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ કોણે બનાવ્યો છે ? – શ્રી રોહિત શર્મા

45. ક્રિકેટના ત્રણેય ફોર્મેટ ટી-20, વન ડે અને ટેસ્ટમાં સૌથી વધુ સિક્સ ફટકારનાર ભારતીય ખેલાડી કોણ છે ?
– શ્રી રોહિત શર્મા

46. તાજેતરમાં કઈ અંતરિક્ષ એજન્સી દ્વારા પ્રથમ વખત કોઈ પુરૂષ સહયોગી વગર 15 મહિલાની ટીમને સ્પેસવોક માટે મોકલવાની યોજના બનાવવામાં આવી છે ? – નાસા

47. ભારતના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં પ્રદૂષણ ઘટાડે તેવા કયા ફટાકડા લોન્ચ કર્યા છે ?
– ગ્રીન ફટાકડા (આ ફટાકડામાં 30થી 90 ટકા સુધી બેરિયમ નાઈટ્રેટનો ઓછો ઉપયોગ થાય છે.)

48. ભારતમાં કઈ સંસ્થા તથા તેની સહયોગી આઠ પ્રયોગશાળાની મદદથી ગ્રીન ફટાકડા બનાવવામાં આવ્યા છે ?
– CSIR (Council of Scientific & Industrial Research)

49. તાજેતરમાં ગુજરાતના કયા રેલવે સ્ટેશનને 'ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ' મેળવનારું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન બનાવવા માટેની યોજના હાથ ધરવામાં આવી છે ? – કેવડિયા રેલવે સ્ટેશન

50. તાજેતરમાં કયા દેશની સરકારે મહિલાઓને સેનામાં જોડાવાની મંજૂરી આપી છે ? – સાઉદી અરેબિયા

51. ચીનના કયા પ્રાંતમાં માનવાધિકારોના હનન અને ઉઈગર મુસ્લિમો સાથે થતા દુર્વ્યવહારના આરોપમાં અમેરિકાએ ચીનની 28 કંપનીઓને બ્લેક લિસ્ટ કરી છે ? – શિનજિયાંગ પ્રાંત

52. તાજેતરમાં આફ્રિકાના સૌથી વૃદ્ધ કાચબાનું લગભગ 344 વર્ષની વયે નિધન થયું છે...તેનું નામ શું છે ? – અલાગ્બા

53. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન કઈ જગ્યાએ રમાયેલી સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ મેચ ભારતે જીતી લીધી છે ? – વિશાખાપટ્ટનમ (ડો. Y.S. રાજશેખર રેડ્ડી ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમ)

54. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

55. તાજેતરમાં ભારતના કયા ક્રિકેટરે સૌથી ઓછી ટેસ્ટમાં 350 વિકેટ ઝડપવાના શ્રી મુથૈયા મુરલીધરનના રેકોર્ડની બરાબરી કરી છે ? – શ્રી આર. અશ્વિન
(શ્રી આર. અશ્વિને દક્ષિણ આફ્રિકાના શ્રી થેયુનિસ ડે બ્રૂયનને આઉટ કરીને 66મી ટેસ્ટમાં 350 વિકેટ પૂરી કરી છે.)

56. તાજેતરમાં ભારતના કયા શહેરમાં આવેલા આરેના જંગલમાં મેટ્રો પ્રોજેક્ટ માટે આશરે 2000 જેટલા વૃક્ષો કપાતા વિવાદ સર્જાયો છે ? – મુંબઈ

57. તાજેતરમાં મુંબઈમાં મેટ્રો પ્રોજેક્ટ માટે કયા જંગલમાં આવેલા (અથવા તો કઈ કોલોનીમાં આવેલા) આશરે 2000 જેટલા વૃક્ષો કપાતા વિવાદ સર્જાયો છે ? – આરે જંગલ અથવા આરે કોલોની

58. તાજેતરમાં ભારત અને ફ્રાન્સ દ્વારા પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા ભારતીય જવાનોને કયા શહેરમાં આવેલા વિલર્સ ગુઈસલેન ઈન્ડિયન વોર મેમોરિયલમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે ? – પેરિસ

59. તાજેતરમાં કયા દેશે પહેલીવાર ભારતને તે દેશની બેંકોમાં રહેલા ભારતીય નાગરિકોના ખાતા અને તેમાં જમા રકમ વિશે માહિતી આપી છે ? – સ્વિત્ઝર્લેન્ડ

60. તાજેતરમાં 8 ઓક્ટોબર 2019ને વિજયાદશમીના પર્વ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં આશરે 2176 જેટલા સ્માર્ટ ઘરોનું લોકાર્પણ કર્યું છે ? – રાજકોટ

61. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં વિજયાદશમીના રોજ સ્માર્ટ ઘર આવાસ યોજના 1-2-3ને કયું નવું નામકરણ કર્યું હતું ? – શ્રી રામ, લક્ષ્મણ, સીતાજી આવાસ યોજના

62. વિજયાદશમીના પર્વ નિમિત્તે છેલ્લા 130 વર્ષથી દર વર્ષે ગુજરાતના કયા નગરની બજારમાં ભગવાન શ્રી રામ અને લંકાપતિ રાવણ વચ્ચે ધમાસણ યુદ્ધ ખેલાય છે ? – બાબરા

63. તાજેતરમાં કયા દેશના નાણામંત્રીએ મહાત્મા ગાંધીજીની 150મી જન્મ જયંતી નિમિત્તે તેમના દેશ દ્વારા સ્મારક સિક્કો પ્રસિદ્ધ કરવામાં આવશે એવી જાહેરાત કરી છે ? – બ્રિટન

64. ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા તાજેતરમાં જાહેર થયેલી '40 અંડર 40' યાદી (એટલે કે ઉદ્યોગ જગતમાં 40 વર્ષથી નીચેના 40 પ્રભાવશાળી અને પ્રેરણાદાયી લોકોની યાદી)માં કયા બે ભારતીય વ્યક્તિઓનો સમાવેશ થયો છે ?
– શ્રી અર્જુન બંસલ અને શ્રી અંકિત બોઝ

65. તાજેતરમાં વર્લ્ડ જિમ્નાસ્ટિકમાં 22મો મેડલ જીતીને ઈતિહાસ સર્જનાર સુશ્રી સિમોન બાઈલ્સ કયા દેશના છે ?
– અમેરિકા

66. ગુજરાતમાં નવરાત્રિના અંતિમ દિવસે મોડી રાત બાદ કયા ગામમાં નીકળતી પલ્લીમાં લાખો કિલો ઘીનો અભિષેક કરવામાં આવે છે ? – રૂપાલ (જિ. ગાંધીનગર)

67. ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે નીકળતી કયા માતાજીની પલ્લીમાં લાખો કિલો ઘીનો અભિષેક કરવામાં આવે છે ? – શ્રી વરદાયિની માતાજી

68. ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની સ્થાપના 27 સપ્ટેમ્બર, 1925ના રોજ કયા તહેવારના દિવસે થઈ હતી ?
– વિજયાદશમી

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

69. દૂધની વેસ્ટ થેલીઓનો સ્વીકાર કરવાનો પ્રારંભ કરનાર ગુજરાતના પ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નામ શું છે ? – સુરત

70. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં યોજાયેલા 'બાળસંગમ' કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકો સાથે એક પંગતમાં બેસીને ભોજન લીધું હતું ? – રાજકોટ
(શ્રી વિજયભાઈ રૂપાણીના સ્વર્ગસ્થ પુત્ર પુજીતની સ્મૃતિમાં તેના જન્મ દિવસે પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આ 'બાળસંગમ' દિવસની ઉજવણી કરવામાં આવે છે.)

71. તાજેતરમાં ભારતના કયા શહેરમાં ફલાય ડાઈનિંગ રેસ્ટોરન્ટનો પ્રારંભ થયો છે કે જેમાં ક્રેનની મદદથી જમીનથી 160 ફૂટની ઊંચાઈએ ડાઈનિંગ ટેબલ પર ભોજન પીરસવામાં આવે છે ? – નોઈડા (ઉત્તરપ્રદેશ)

72. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 20 વર્ષ પૂર્ણ કરનાર વિશ્વના પ્રથમ મહિલા ક્રિકેટરનું નામ શું છે ? – સુશ્રી મિતાલી રાજ

73. સુશ્રી પ્રિયા પુનિયા કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ક્રિકેટ

74. તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામેની એક મેચમાં ભારતના કયા મહિલા ક્રિકેટરે પોતાની ડેબ્યુ મેચમાં (એટલે કે કારકિર્દીની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચમાં) 50+ સ્કોર બનાવ્યો છે ? – સુશ્રી પ્રિયા પુનિયા

75. સુશ્રી પ્રિયા પુનિયા કયા રાજ્યના ખેલાડી છે ? – રાજસ્થાન

76. વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં મહિલા કે પુરુષ એમ બંનેમાં સૌથી વધુ 8 મેડલ જીતનાર બોક્સરનું નામ શું છે ? – સુશ્રી એમ.સી. મેરી કોમ

77. તાજેતરમાં ભારતના સુશ્રી એમ.સી. મેરી કોમે કોનો રેકોર્ડ તોડીને વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ મેડલ જીતવાની સિદ્ધિ મેળવી છે ? – શ્રી ફેલિક્સ સાવોન (ક્યુબા)

78. તાજેતરમાં પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી બાસ્તીન સ્વેઈન્સ્ટેગરે ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે...તેમના દેશનું નામ શું છે ? – જર્મની

79. તાજેતરમાં કયા દેશમાં 40 વર્ષ જૂનો કટ્ટરપંથી કાયદો સમાપ્ત કરાતા ઓક્ટોબર 2019 દરમિયાન પહેલી વખત મહિલાઓએ સ્ટેડિયમમાં બેસીને ફૂટબોલની મેચ નિહાળી હતી ? – ઈરાન

80. દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે તાજેતરમાં આપેલી માહિતી અનુસાર દિલ્હીના પાડોશી રાજ્યોમાં ખેતરમાં બાળવામાં આવતી કઈ ચીજના ધુમાડાને કારણે દિલ્હીમાં હવા ખરાબ થતાં પ્રદૂષણમાં વધારો થાય છે ?
– પરાળી (પંજાબ, હરિયાણા વગેરે જેવા રાજ્યોમાં ઘઉંનો પાક લઈ લીધા બાદ તેના સૂકા છોડ અથવા તો ઘાસને સળગાવી દેવામાં આવે છે..જે પરાળી તરીકે ઓળખાય છે.)

81. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી નાતાલી સ્કીવર અને સુશ્રી કેથેરિન બ્રન્ટ કયા દેશની મહિલા ક્રિકેટરો છે ? – ઈંગ્લેન્ડ

82. 1થી 12 નવેમ્બર, 2019 દરમિયાન પંજાબ સરકાર દ્વારા શ્રી ગુરુ નાનક દેવજીના 550મા પ્રકાશ પર્વની કઈ જગ્યાએ ઉજવણી કરવામાં આવશે ? – સુલ્તાનપુર લોધી

83. ફોર્બ્સ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 100 ધનવાન ઉદ્યોગપતિની યાદીમાં પ્રથમ ક્રમે કોણ છે? – શ્રી મુકેશ અંબાણી

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

84. ફોર્બ્સ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 100 ધનવાન ઉદ્યોગપતિઓની યાદીમાં પ્રથમ ક્રમે શ્રી મુકેશ અંબાણી બાદ બીજા ક્રમે કયા ઉદ્યોગપતિ છે ? – શ્રી ગૌતમ અદાણી

85. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ 12 બેવડી સદી ફટકારનાર ક્રિકેટરનું નામ શું છે ? – શ્રી ડોન બ્રેડમેન (ઓસ્ટ્રેલિયા)

86. શ્રી સચિન તેન્દુલકર અને શ્રી વિરેન્દ્ર સહેવાગની ટેસ્ટ ક્રિકેટમાં 6 બેવડી સદી ફટકારવાના રેકોર્ડને તોડીને તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાં 7 બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ કયા ભારતીય ક્રિકેટરે બનાવ્યો છે ? – શ્રી વિરાટ કોહલી

87. ટેસ્ટ મેચની કોઈ એક ઈનિંગમાં 250થી વધુ રન કરનાર ભારતના પ્રથમ કેપ્ટનનું નામ શું છે ? – શ્રી વિરાટ કોહલી

88. ગુજરાત સરકારે તાજેતરમાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને વર્ગ-4ના ગુજરાત સરકારના કર્મચારીઓને કેટલા રૂપિયાની મર્યાદામાં બોનસ આપવાની જાહેરાત કરી છે ? – રૂ. 3500

89. તાજેતરમાં કયા દેશના ક્રિકેટ બોર્ડે લાગુ કરેલી નવી પેરેન્ટલ પોલિસી અનુસાર હવે એ દેશના પ્રેગ્નન્ટ મહિલા ખેલાડીઓને 12 મહિનાની પેઈડ લીવ મળશે ? – ઓસ્ટ્રેલિયા

90. તાજેતરમાં પોર્ટુગલમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં પોર્ટુગલના કયા વડાપ્રધાનની જીત થઈ છે ?

– શ્રી એન્ટોનિયો કોસ્ટા

91. તાજેતરમાં પોર્ટુગલમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં પોર્ટુગલના વડાપ્રધાન શ્રી એન્ટોનિયો કોસ્ટાની જીત થઈ છે...તેમના પક્ષનું નામ શું છે ? – પાર્તિદો સોશલિસ્તા (અથવા સોશિયાલિસ્ટ પાર્ટી)

92. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી કેન્દ્રીય કેબિનેટે કયા ક્ષેત્રમાં ભારત અને વિદેશી પ્રસારકો વચ્ચે થયેલા સમજૂતી કરારોને મંજૂરી આપી છે ? – રેડિયો અને ટેલિવિઝનના ક્ષેત્રમાં

93. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં કયા વર્ષથી કયા વર્ષ સુધીની WHO ભારત સહયોગ રણનીતિ લોન્ચ કરી છે ? – 2019-2023

94. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં કયા નામથી WHO ભારત સહયોગ રણનીતિ લોન્ચ કરી છે ?

– 'WHO ભારત દેશ સહયોગ રણનીતિ 2019 - 2023 : પરિવર્તનનો સમય'

95. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ભારતના કયા શહેરમાં ત્રીજા 'પર્યટન પર્વ 2019'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

96. તાજેતરમાં જીનેવા ખાતે યોજાયેલા 'વિશ્વ કપાસ દિવસ' કાર્યક્રમમાં ભારતના કેન્દ્રીય કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ કપાસ ટેક્નોલોજી સહાયતા કાર્યક્રમના બીજા ચરણમાં કેટલા આફ્રિકી દેશોનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે ? – પાંચ (માલી, ઘાના, ટોંગો, ઝામ્બિયા અને તાન્ઝાનિયા)

97. ભારત દ્વારા કપાસ ટેક્નોલોજી સહાયતા કાર્યક્રમના પ્રથમ ચરણમાં કેટલા આફ્રિકી દેશોનો સમાવેશ કરવામાં આવ્યો હતો ? – છ

98. World Trade Organization (WTO) દ્વારા તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડના જીનેવા ખાતે કેટલામા 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ? – પ્રથમ

99. Cotton-4 (કપાસ-4) તરીકે ઓળખાતા ચાર દેશોમાં કયા કયા દેશોનો સમાવેશ થાય છે ?

– બેનીન, બુર્કિના ફાસો, ચાડ અને માલી

100. તાજેતરમાં 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી માટે આઈકોન તરીકે કયા લીડરની પસંદગી કરવામાં આવી હતી ?

– મહાત્મા ગાંધીજી

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

**FACEBOOK**
**icerajkot**

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

**(t.me / icerajkotofficial)**

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.